Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો




# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૪૪



અહા ગુરુદેવ ! આપની મંગલ બીજે અમારામાં ભેદજ્ઞાનબીજ ઊગાડી..... આપ જ્ઞાનબીજ વડે કેવળજ્ઞાનપૂર્ણિમાને બોલાવી રહ્યા છો...... માત્ર ચાર ભવમાં અનંત આનંદસહિત એ પૂનમ ઊગશે ને જગતના જીવોને જ્ઞાનપ્રકાશથી પાવન કરશે.

તંત્રીઃ **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદકઃ **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. ૨૪૯૮, જેઠ (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૨૯ઃ અંક ૮
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સમ્પાદકીય

## સત્સમાગમ એટલે મુમુક્ષુતાની પુષ્ટિ

આત્મસ્વભાવની આરાધના એ મુમુક્ષુ ધ્યેય છે..... તે ધ્યેયની સફળતા માટે આરાધક ધર્માત્માઓનો સત્સમાગમ કરીને તે પોતાની આત્માર્થિતા પુષ્ટ કરે છે.

એવા આરાધક જીવોનો સત્સમાગમ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે કેમકે જગતના જીવોમાં આરાધકજીવો અનંતમાં ભાગના જ છે. આમ છતાં આત્માને સાધવા માટે જાગેલા મુમુક્ષુને કોઈને કોઈ પ્રકારે તેનો માર્ગ બતાવનાર જ્ઞાની મળી જ જાય છે.

'સત્સમાગમ' એટલે, રાગાદિથી ભિન્ન જ્ઞાનચેતનારૂપે પરિણમેલા જ્ઞાનીને ઓળખીને તેનો સમાગમ; જ્ઞાનીના જ્ઞાનભાવોની ઓળખાણ થતાં મુમુક્ષુના પરિણામ આત્મસ્વભાવ તરફ ઝૂકે છે, તેની આ આત્માર્થીતા પુષ્ટ થાય છે ને રાગનો રસ તૂટતો જાય છે. એમ થતાં, કદી નહિ અનુભવાયેલી એવી કોઈ અપૂર્વ શાંતિના ભાવો તેને પોતામાં જાગે છે. જ્ઞાનીના સાચા સત્સમાગમનું આવું ફળ જરૂર આવે જ છે.

હે બંધુ, આવા મોંઘા સત્સમાગમની પ્રાપ્તિનો અને આત્માર્થની પુષ્ટિ કરીને શાંતિના વેદનનો આ સોનેરી અવસર છે. હવે તારું કામ એક જ છે કે બીજા બધામાંથી રસ છોડીને, સમયે-સમયે સ્વને રાગથી જુદા કરીને, બધા પ્રકારથી આત્મવસ્તુનો મહિમા ઘૂંટીઘૂંટીને, રાગથી જુદા ચૈતન્યભાવનું અંતરમાં વેદન કરવું. હવે તું એના જ પ્રયત્નમાં ઊંડો ઊતર..... બસ ! તારો બેડો પાર છે...... શાંતિ અપાર છે.

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૮
જેઠ
June. 1972

* વર્ષ ૨૯ : અંક ૮ *

# * અધ્યાત્મધામમાં અનુભવનાં માંગળિક *

( જેઠ સુદ ત્રીજે સ. કળશ ૨૩ ના પ્રવચનમાંથી )

ચાર માસ ઉપરાંતના પ્રવાસમાંથી પુનઃ સોનગઢ આવ્યા બાદ સુવર્ણના અધ્યાત્મધામમાં પ્રથમ પ્રવચનમાં જ આત્મ–અનુભવની જોસદાર પ્રેરણા આપતા, કળશ ૨૩ ના પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે–

અહો, આ ચૈતન્યભગવાન–રાગથી જુદો વિલસી રહ્યો છે–તેને હે જીવો! તમે દેખો! ‘મરીને પણ’ આવા ચૈતન્યતત્ત્વનો અનુભવ કરો.

હવે પોતે મરીને તો કાંઈ થઈ ન શકે; પણ ‘મરીને’ એટલે કે મરણ જેટલી પ્રતિકૂળતા બહારમાં આવે તોપણ આત્માનો અનુભવ કર...... તીવ્ર પ્રયત્ન કરીને કૂતુહલપૂર્વક–આશ્ચર્યપૂર્વક–મહિમાપૂર્વક અંતરમાં જો તો ખરો કે અનંતજ્ઞાન અનંતસુખ ને અનંત આનંદવાળું મારું સ્વરૂપ કેવું છે? –એમ ઊંડા ગંભીર તત્ત્વમાં ઊંડો ઊતરીને તેનો અનુભવ કર......

જુઓ, આ માંગળિકમાં આત્માના અનુભવની વાત આવી. આત્માનો અનુભવ કરવો તે અપૂર્વ મંગળ છે.

અહા, આત્મા અનંત શાંતિસ્વરૂપ છે. અનંત તીર્થંકરો જેનાં વખાણ કરે છે, સંતો સાદ પાડીપાડીને તને જે તત્ત્વ જોવા માટે જગાડે છે, તો એવું તત્ત્વ અંદર છે કેવું? તેને શોધ!

આત્મા આનંદમૂર્તિ છે; શરીર ભવમૂર્તિ છે. તું મૂર્તશરીર અને રાગાદિમાં લીન થયો છે તેને બદલે તેનાથી જુદાપણું જાણીને તેનો પાડોશી થઈ જા.... ને અંદર સ્વઘરમાં આવીને ચૈતન્યતત્ત્વને દેખ. આવા તત્ત્વને અનુભવમાં લેતાં તારો શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ મોહ તરત છૂટી જશે. મોહને છૂટતાં વાર નહિ લાગે,......... અદ્‌ભૂત ચૈતન્ય દેખતાંવેંત તરત જ તારો મોહ છૂટી જશે.

ભાઈ, અત્યારે તો અંદર શાંત થઈને આવા આત્માનો અનુભવ કરવાનો અવસર છે. બાપુ! જગતના કોલાહલમાં પડવા જેવું નથી. અરે, આ શરીર સાથે ને રાગ સાથે ય તારા ચૈતન્યનો એકતાનો સંબંધ નથી. ત્યાં બીજાની તો શી વાત! શરીર અને રાગાદિ તરફનું લક્ષ છોડી, તેનાથી ભિન્ન ચેતન્યતત્ત્વને લક્ષમાં લેતાં તને કોઈ મહા આનંદ થશે..... ને તારો મોહ ઝડપથી તૂટી જશે. બે ઘડીના પ્રયત્નથી થઈ શકે એવું આ કાર્ય છે. અહા, એકવાર રાગનું પડખું છોડીને અંદર ચૈતન્યને છૂટું દેખ..... એકવાર એને દેખતાં જ્ઞાન પરભાવોથી એવું છૂટું પડી જશે કે સદા છૂટૂં ને છૂટું રહેશે, ફરી રાગ સાથે એકપણું કદી તને નહિ ભાસે. તને ભગવાન તારામાં જ દેખાશે. આ ચૈતન્યવસ્તુ કોઈ સાધારણ નથી, એ તો અતીન્દ્રિય આનંદથી ભરેલ મહાન પદાર્થ છે, એની સન્મુખ થતાં મહા આનંદનું વેદન થાય છે. આવો અનુભવ કરવા જે જાગ્યો તે જગતના કોઈ પરિષહથી મરણ જેટલા પરિષહથી પણ ડગે નહિ.

આનંદનો મહા સાગર, તેમાં ડુબકી મારીને તેના એક ટીપાંનો સ્વાદ લેતાં પણ રાગાદિ સમસ્ત પરભાવનો સ્વાદ છૂટીને ચૈતન્યનો કોઈ અપૂર્વ સ્વાદ વેદાય છે. અહા! જેના એક ટીપામાં આવી તાકાત, તે આખા આનંદના સાગરની શી વાત! આવ તો અનંત ગુણનો સાગર તું છો..... આવડો તારો આત્મા..... તેને એકવાર તું જગતને ભૂલીને દેખ! તને આનંદના વિલાસરૂપ તારો ચૈતન્યઆત્મા દેખાશે...... ને મોહનો વિલાસ તરત નષ્ટ થઈ જશે.

આવો અનુભવ અંતરના મહાન ઉધમ વડે કરવો તે અપૂર્વ આનંદ–મંગળ છે. ઉપયોગસ્વરૂપ સ્વદ્રવ્યને પરથી જુદું અનુભવમાં લઈને આનંદસહિત તું પ્રસન્ન થા. તારું સ્વદ્રવ્ય રાગાદિ વગરનું ચૈતન્યભાવથી એવું ને અવું શોભી રહ્યું છે તેને સાવધાન થઈને, પ્રસન્ન થઈને તું અનુભવમાં લે. અનુભવ તે મહા આનંદનો સમુદ્ર છે; તે જ મોક્ષનો માર્ગ છે.

# ફત્તેપુરમાં સમાચાર
## ( લેખાંકઃ ૨ )

ફત્તેપુર ( ગુજરાતમાં ) ગત પ્રથમ વૈશાખ વદ ૪ થી દ્વિ. વૈ. સુદ ૪ સુધી પંચકલ્યાણક–પ્રતિષ્ઠા વગેરેનો જે ભવ્ય મહોત્સવ ઉજવાયો–તેના પ્રારંભિક સમાચાર આપે ગતાંકમાં વાચ્યા. બાકીનાં સમાચારો અહીં રજુ થાય છે. ગતાંકના સમાચારો, પ્રવચનો તેમ જ ૮૩ પુષ્પોની મંગળમાળા વગેરે વાંચીને ઘણા જિજ્ઞાસુઓએ પ્રસન્નતા વ્યક્ત કરી છે. આ અંક વાંચીને પણ સૌને પ્રસન્નતા થશે.

ફત્તેપુરમાં–સ્વાગત; શિક્ષણ શિબિર, પ્રતિષ્ઠા–મંડપ વીતરાગ–વિજ્ઞાન નગરીની શોભા, ફત્તેપુરમાં વર્ણન, પ્રવચનસભાનું ગૌરવ, ગર્ભકલ્યાણક વખતની ચર્ચા વગેરેનું વર્ણન આપણે ગતાંકમાં વાંચ્યું. આ નેમપ્રભુના પંચકલ્યાણક ચાલી રહ્યા છે. દિગ્‌કુમારીદેવીઓ શિવાદેવી માતાની સેવા કરે છે, ને તેમની સાથે તત્ત્વચર્ચા પણ કરે છે. કેવી મજાની હશે તીર્થંકરની જનેતા સાથેની એ ધર્મચર્ચા ! ચાલો પાઠક ! તમને પણ તેનું રસાસ્વાદન કરાવુંઃ–

એક દેવી પૂછે છે : હે માતા ! અનુભૂતિસ્વરૂપ થયેલો આત્મા તમારા અંતરમાં બિરાજે છે, તો એવી અનુભૂતિ કેમ થાય ? તે સમજાવો.

માતા જવાબ આપે છે–હે દેવી ! અનુભૂતિનો મહિમા ઘણો ગંભીર છે. આત્મા પોતે જ્ઞાનની અનુભૂતિસ્વરૂપ છે. તે જ્ઞાનની અનુભૂતિમાં રાગની અનુભૂતિ નથી; આવું ભેદજ્ઞાન થાય ત્યારે અપૂર્વ અનુભૂતિ પ્રગટે છે.

બીજી દેવી પૂછે છે કે હે માતા ! આત્માની અનુભૂતિ થતાં શું થાય !

માતા કહે છે–સાંભળ, દેવી ! અનુભૂતિ થતાં આખો આત્મા પોતે પોતામાં ઠરી જાય છે.

એમા અનંતગુણના ચૈતન્યરસનું એવું ગંભીર વેદન થાય છે કે જેના મહાન આનંદને આત્મા જ જાણે છે. એ વેદન વાણીમાં આવતું નથી.

ત્રીજી દેવી પૂછે છે–માતા ! વાણીમાં આવ્યા વગર એ વેદનની ખબર કેમ પડે ?

માતા ઉપર આપે છે–હે દેવી! પોતે પોતાના સ્વસંવેદનથી આત્માને તેની ખબર પડ છે જેમ થાંભલો નજરે દેખાય છે તેમ અનુભૂતિમાં આત્મા તેનાથી પણ વધુ સ્પષ્ટ જણાય છે.

ચોથી દેવી પૂછે છે–હે માતા! આંખ વડે થાંભલો જણાય તેના કરતાંય આત્માના જ્ઞાનને વધુ સ્પષ્ટ કેમ કહ્યું?

માતા જવાબ આપે છે–હે દેવી! થાંભલાનું જ્ઞાન તો ઇન્દ્રિયજ્ઞાન છે, તે પરોક્ષ છે, ને આત્માને જાણનારું જ્ઞાન તો અતીન્દ્રિય છે અને પ્રત્યક્ષ છે, માટે તે વધારે સ્પષ્ટ છે.

પાંચમી દેવી પૂછે છે કે–અનુભૂતિ વખતે તો મતિ–શ્રુતજ્ઞાન છે છતાં તેને પ્રત્યક્ષ અને અતીન્દ્રિય કેમ કહ્યા?

માતાજી જવાબ આપે છે–કેમકે અનુભૂતિ વખતે ઉપયોગ આત્મામાં એવો લીન થયો છે કે તેમાં ઇન્દ્રિયનું કે મનનું અવલંબન છૂટી ગયું, તેથી તે વખતે પ્રત્યક્ષપણું છે. ‘અહા, એ વખતના અદ્‌ભૂત નિર્વિકલ્પ આનંદની શી વાત!’

છઠ્ઠી દેવી કહે છે કે–હે માતા! તમે અનુભૂતિની અદ્‌ભૂત વાત સમજાવી. આજે તો જાણે તમારા અંતરમાંથી કોઈ અલૌકિક ચૈતન્યરસ ઝરી રહ્યો છે!

માતા કહે છે–દેવી! અંતરમાં બિરાજમાન તીર્થંકરના આત્માનો એ પ્રતાપ છે. પ્રભુ પધાર્યા ત્યારથી મારા આત્મપ્રદેશોમાં અતીન્દ્રિય આનંદરસ છવાઈ ગયો છે.

સાતમી દેવી કહે છે કે– અહા માતા! અમને તો લાગે છે કે પંદર માસ આપીને સેવા કરતાં–કરતાં અમને પણ અનુભૂતિનો મહાન લાભ થશે. આપના પુત્રને દેખીને અને ગોદમાં લઈને અમે ધન્ય બનશું.

માતા કહે છે–હા દેવીઓ! જગતના જીવોને અનુભૂતિનો માર્ગ બતાવવા માટે જ મારા પુત્રનો અવતાર છે. તમે પણ મહા ભાગ્યશાળી છો કે તીર્થંકરની સેવા કરવાનો અવસર પ્રાપ્ત થયો છે.

આઠમી દેવી પૂછે છે– હે મા! છ–છ માસથી અહીં રાજમહેલમાં કરોડો રત્નો વરસી રહ્યા છે, રસ્તામાં એ રત્નોનાં ઢગલા પડયા છે, છતાં કોઈ તેને લેતું કેમ નથી?

માતા કહે છે–દેવી! એ રત્નો તો જડ છે. મારો પુત્ર જન્મીને જગતને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનાં ચૈતન્યરત્નો આપવાનો છે. તો એ અલૌકિક ચૈતન્યરત્નો છોડીને

આ જડ રત્નો કોણ લ્યે? જગતના જીવો તો મારા પુત્ર પાસેથી સમ્યગ્દર્શનાદિ રત્નો ગ્રહણ કરશે.

દેવીઓ આનંદથી કહે છે–“ધન્ય રત્નકૂંખધારિણી માતા! તમારો જય હો...... તમારા પુત્રનો જય હો”

આ પ્રમાણે આત્મહિતની ચર્ચાસહિત આનંદ–મંગલપૂર્વક દિવસો વીતી રહ્યા છે.

હવે પ્ર. વૈ. વદ ૧૪ ની સવારમાં ઇન્દ્રસભામાં એકાએક મંગલચિહ્નો પ્રગટ થતાં નેમિનાથ તીર્થંકરના જન્મની ખબર પડી, ઇન્દ્રોએ આનંદમંગલ વ્યક્ત કર્યાં. ભગવાન જન્મ વખતે ચારેકોર આનંદનો કોલાહલ ફેલાઈ રહ્યો હતો. સૌધર્મ ઇન્દ્ર અને શચીઇન્દ્રાણી ઐરાવત ઉપર આવીને દ્વારીકાનગરીની ( પ્રતિષ્ઠામંડપની ) પ્રદક્ષિણા કરવા લાગ્યા.

આ બાજુ દ્વારિકાનગરીમાં પણ સમુદ્રવિજય મહારાજનો રાજદરબાર ભરાયો છે ને આનંદમય ધર્મચર્ચા ચાલી રહી છે. એવામાં એકાએક તીર્થંકર ભગવાનના જન્મની મંગલ વધાઈ આવે છે ને ચારેકોર હર્ષ છવાઈ જાય છે......

ઇન્દ્ર ઐરાવત હાથી લઈને આવી પહોંચ્યા; શચીદેવી ભગવાન બાલતીર્થંકરને તેડી લાવ્યા ને ઇન્દ્રને આપ્યા. ભગવાનને ગોદીમાં લઈને ઇન્દ્ર–ઇન્દ્રાણી ધન્ય બન્યા..... ને પ્રભુની સવારી મેરુપર્વત તરફ ચાલી. ફત્તેપુર જેવા નાના ધૂળિયા ગામમાં બાલ–તીર્થંકરની આવડી મોટી સવારી–હાથી–ઘોડા–ગાડી–રથ એ બધું કેમ સમાય? ગામ નાનું ને સવારી મોટી! પણ, ના; આજે ફત્તેપુર ન હતું, એ તો આજે સોનાનું મહાન દ્વારકાનગર બની ગયું હતું. હજારો નગરજનોને હર્ષ પમાડતી ને આશ્ચર્યમાં ડુબાડતી એ સવારી મેરુ પાસે આવી પહોંચી. દશ હજારથી વધુ લોકો પ્રભુનો જન્માભિષેક જોવા આતુર બન્યા હતા. ખુલ્લા મેદાનમાં ધોમધખતા તડકા નીચે ઊભા હતા ને! એટલે પ્રભુની મંગલછાયામાં આતાપ કેવો? જેમની છાયામાં સંસારનો આતાપ પણ મટી જાય ને ચૈતન્યની અપૂર્વ શીતળતા મળે, ત્યાં આ સૂર્યના આતાપને કોણ ગણકારે? જન્માભિષેકની ઉમંગભરી ભક્તિમાં સૌ મશગુલ હતા. આનંદ ઉલ્લાસપૂર્વક જન્માભિષેક કરી, ઇન્દ્રાણીએ સ્વર્ગનાં દૈવી અભૂષણોથી બાલપ્રભુને શણગાર્યા અને નામ રાખ્યું નેમિકુમાર.

પછી નેમિતીર્થંકરકુમારની સવારી પુનઃ દ્વારિકા આવી પહોંચી. માતા-પિતાનું મહાન સન્માન કરીને ઇન્દ્રોએ તાંડવનૃત્ય વડે પોતાનો આનંદ વ્યક્ત કર્યો. અહા! પોતાના પુત્રનો આવો અદ્‌ભૂત મહિમા દેખી-દેખીને શિવાદેવીમાતાનું હૃદય પ્રસન્નતા અનુભવતું હતું. માતાના હૃદયનું વાત્સલ્ય અદ્‌ભૂત હતું. માતાને પુત્ર પ્રત્યે વાત્સલ્ય તો હોય જ, તેમાં ય આ તો તીર્થંકર થનાર પુત્ર. પછી માતાના હેતમાં શું બાકી રહે! મીઠી નજરે એ પોતાના પુત્રને અને જગતના નાથને નીહાળતી હતી. બાલ-તીર્થંકરના પ્રભાવે ચારેકોર આનંદ-ઉલ્લાસ-ભક્તિ અને જિનમહિમાનું વાતાવરણ છવાઈ ગયું હતું.

બપોરે નેમકુંવરના પારણાઝુલનનું સુંદર દ્રશ્ય થયું. ઇન્દ્રાણીઓ અને દેવીઓ પણ બાલતીર્થંકરનું પારણું ઝુલાવતી હતી. પૂ. બેનશ્રી-બેને પણ ભક્તિપૂર્વક નેમકુંવરને હીંચોળ્યા હતા. શિવાદેવી માતા પોતાના લાડીલા પુત્રને હેતથી પારણીએ ઝુલાવતાં ઝુલાવતાં નીચેનું મંગલ ગીત ગાતી હતી-

(અરિહંત તારા પિતા, જિનવાણી તારી માતા-એ રાગ)

તું શુદ્ધ છો....... તું બુદ્ધ.... તુ નિર્વિકલ્પ ઉદાસી.
નેમિકુંવર! ઝુલો રે ચૈતન્યપારણે.....
ચેતનરાજા! ઝુલો રે ચૈતન્યપારણે....
તું સ્વાનુભૂતિ-પ્રકાશી, ને અનંત ગુણ વિલાસી....
વીરા મારા! આપોને સમ્યગ્જ્ઞાનને...
તમે છો ચૈતન્યસાધક, નિજ મોક્ષતણા આરાધક...
ઝુલો, ઝુલો, તમે તો ચૈતન્યયપારણે..
બેટા! ઝટઝટ મોટો થાજે ને મુનિ થઈ વિચરજે,
દેજે, દેજે, તું રત્નત્રયનાં દાનને.
પ્રભુ! તારા કહેણ છે મોટા, એના જગમાં છે નહિ જોટા,
ભવ્યજીવો સ્વીકારે તારા કહેણને.
તું જૈનશાસન અજવાળી ને કેવળજ્ઞાન પ્રગટાવી,
ભવથી છૂટી, પરમપદને પામજે.

પારણીયે ઝુલતા નાનકડા પરમાત્માને દેખીને આનંદ થતો હતો... ને એમ થતું હતું કે વાહ! ભારતની માતાઓ પણ પોતાનાં બાળકોને પારણીયામાંથી જ પરમાત્મા થવાનાં ગાણાં સંભળાવીને ધર્મના ઉચ્ચ સંસ્કાર આપે તો નેમપ્રભુનો યુગ સમજાઈ જાય.



વાહ રે વાહ ! માતાનાં હેત !



નામ રાખ્યું નેમિકુમાર.



શુદ્ધોસિ..... બુદ્ધોસિ..... નિર્વિકલ્પોસિ

તું શુદ્ધ છો.... તું બુદ્ધ..... તું નિર્વિકલ્પ ઉદાસી....


ચેતનરાજા ! ઝુલો રે ચૈતન્યપારણે....


નેમિકુંવર ! ઝુલો રે ચૈતન્યપારણે....

જન્માભિષેક વખતે.....



ધોમ તડકામાં પણ શીતળતા લાગતી હતી





પ્રતિષ્ઠા વેદી પર બિરાજમાન ભગવંતો



અંકન્યાસ વિધિનું દૃશ્ય



સહસ્ત્રામ્રવનમાં ધ્યાનસ્થ નેમિમુનિરાજ



હે સારથિ ! રથને રોકો... રોકો... રોકો...

ભારતની મહિલાઓને આવી પ્રેરણા આપવા માટે પારણાઝુલન પછી તરત મહિમાસમ્મેલન યોજાયું હતું. હજારો બહેનોએ તેમાં ભાગ લીધો હતો. આ સંમેલનમાં પૂ. બેનશ્રી–બેન ( ચંપાબેન તથા શાંતાબેન ) પણ પધાર્યા હતા, ભારતની મહિલાઓએ તેમનું સન્માન કર્યું હતું, અને તેઓશ્રીએ ભારતની મહિલાઓને માટે આત્મહિતનો મંગલસન્દેશ આપ્યો હતો.

રાત્રે સમુદ્રવિજયમહારાજનો રાજદરબાર ભરાયો હતો. રાજદરબારમાં સુંદર તત્ત્વચર્ચા થતી હતી. ત્યાં જુનાગઢના ઉગ્રસેન મહારાજાના દૂત આવીને નેમકુંવર સાથે રાજીમતિના વિવાહનું નકકી કરે છે. દેશોદેશના રાજાઓ આવીને નેમકુમારને વિવિધ ભેટ ધરે છે ને ભાવના ભાવે છે કે–હે મહારાજ ! જગતકો સમ્યક્ રત્નત્રયકી ભેટ દેને વાલે આપકો હમ કયા ભેટ ધરેં ? જૈસે જગતમેં સબસે શ્રેષ્ટ જ્ઞાયક મહારાજાકો મિલનેકે લિયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ભેટ દેના પડતી હૈ, વૈસે આપ તીર્થંકર મહારાજકો મિલકર પ્રસન્નતાસે હમ યહ ભેટ ધર રહે હૈ ઔર ભાવના કરતે હૈ કિ આપકે સમવસરણમેં હમેં સમ્યક્ત્વત્રયકી ઉત્તમ ભેટ પ્રાપ્ત હો. ’

ત્યારબાદ નેમિકુંવરના વિવાહ માટે જાન જુનાગઢ તરફ રવાના થાય છે. રથમાં નેમકુમાર શોભી રહ્યા છે. શિવમાતા હોંશેહોંશે કુંવરને વિદાય આપે છે ને બીજી તરફ રાજુલદેવી ઉત્સુકતાથી નેમકુંવરની વાટજોઈ રહી છે....

વૈ. વદ અમાસે સવારમાં દીક્ષાકલ્યાણકનો પ્રસંગ રજુ થયો.

## દીક્ષાકલ્યાણક પ્રસંગે સારથી સાથે નેમપ્રભુનો સંવાદ

( નેમકુમારની જાન જુનાગઢ પહોંચી છે; રાજુલદેવી નેમદર્શનની રાહ જોઈ રહી છે. એવામાં એકાએક પાંજરે પુરાયેલા પશુઓનો કરુણ ચિત્કાર સાંભળતા નેમકુમાર સારથિને કહે છે:– )

હે સારથી ! રથને રોકો.... રોકો.... રોકો.... પશુઓનો આ કરુણા ચિત્કાર કેમ સંભળાય છે ? આવા નિર્દોષ પશુઓને અહીં કોણે પૂર્યા છે ? આવા મંગલ પ્રસંગ પર કરુણતાનો આ કોલાહલ કેમ થઈ રહ્યો છે ? વિવાહ વખતે વૈરાગ્યનું આ દ્રશ્ય કેમ ઉપસ્થિત થયું ?

સારથી:– મહારાજ ! આ બધું આપના વિવાહના ઉપલક્ષમાં જ થઈ રહ્યું છે. જાતના રસ્તામાં આ નિર્દોષ પશુઓને શ્રીકૃષ્ણે જ પુરાવ્યા છે. આપ જેવા કરુણાવંતને

દેખીને આ પશુડા છૂટવા માટે ચીસ પાડી રહ્યા છે કે હે પ્રભો! અમને છોડાવો, છોડાવો, છોડાવો.

નેમકુમારઃ– અરે સારથિ, સારથિ! એ બધી વાત જૂઠી છે. ખરેખર આ પશુડા મારા વિવાહ માટે નહિ પરંતુ મને વૈરાગ્ય ઉપજાવવા માટે જ શ્રીકૃષ્ણભૈયાએ અહીં બંધાવ્યા છે. અરે, પૃથ્વીના એક નાના ટુકડા માટે આવો માયાચાર! સારથિ વૈરાગ્યનું નિમિત્ત ઉપસ્થિત કરીને શ્રીકૃષ્ણે તો મારા ઉપર ઉપકાર જ કર્યો છે; ને મને વિવાહના બંધનથી છોડાવ્યો છે. સારથિ! હવે રથને પાછો ફેરવો. હવે હું રાજુલ સાથે વિવાહ કરવા નથી ઈચ્છતો, હું તો મુક્તિસુંદરી સાથે વિવાહ કરવા માટે ગીરનાર જવા ઈચ્છું છું.

સારથીઃ– પ્રભો, પ્રભો! આપ આ શું કહો છો?

નેમકુમારઃ સારથિ! હું સત્ય કહું છું. મારું ચિત્ત આ સંસાર ઉપરથી ઉઠી ગયું છે. અને સંસારથી વિરક્ત થઈને હું હવે આત્મસાધનાને પૂરી કરવા ચાહું છું. રથને પાછો વાળો. હવે દિગંબરી મુનિદીક્ષા ધારણ કરીને હું મુનિ થવા માંગું છું, ને નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં લીન થવા માંગું છું.

સારથીઃ– પ્રભો! આ બાજું રાજુલદેવી આપની રાહ જોઈ રહી છે, અને શૌરીપુરમાં (દ્વારકામાં) શિવાદેવીમાતા આપને પોંખવા ઉત્સુક થઈ રહ્યા છે; ત્યારે આપ કહો છો કે મારે નથી પરણવું. પ્રભો! શિવાદેવી માતાને હું શો જવાબ આપીશ? રાજુલદેવી આ કેમ સહન કરી શકશે? પ્રભો! પાછા ન ફરો...... પાછા ન ફરો.

નેમકુમારઃ– અરે સારથિ, મારો નિર્ણય અફર છે. મારો અવતાર આ સંસારના ભોગ ખાતર નથી, પણ આત્માના મોક્ષને સાધવા માટે મારો અવતાર છે. અરે, આ સંસારની સ્થિતિ તો જુઓ! એક પૃથ્વીના ટુકડા માટે ભાઈ સાથે માયાચાર કરવો પડે! નિર્દોષ પશુઓને પાંજરે પૂરવા પડે...... અરે, આ હિંસા શોભતી નથી. સારથી, આ પશુઓને છોડી મૂકો.... એને મુક્ત કરો..... ને રથને પાછો વાળી ગીરનાર તરફ લઈ જાઓ. અમારું ચિત્ત આ સંસારથી વિરક્ત છે. આ સંસારના માર્ગ પર મારો રથ નહિ ચાલે, મારો રથ હવે મોક્ષના માર્ગ પર ચાલશે.

**મને લાગ્યો સંસાર અસાર..... મને લાગ્યો સંસાર અસાર.**

**એ રે સંસારમાં નહીં જાઉં.... નહીં જાઉ..... નહીં જાઉં રે.**

**મને લાગે જ્ઞાયકભાવ સાર.... મને લાગે ચૈતન્યપદ સાર....**

**એ રે જ્ઞાયકમાં હું લીન થાઉં.... લીન થાઉં.... લીન થાઉં રે.**

સારથિઃ– પ્રભો ! પ્રભો ! ધન્ય છે આપનું જીવન ! આપના વૈરાગ્યજીવનને હું પહેલેથી જાણું છું..... આપ જગતથી ઉદાસ છો..... આપ માત્ર પશુઓને નહિ પણ આપના આત્માને આ સંસારનાં બંધનથી મુક્ત કરી રહ્યા છો. પ્રભો ! આપ જે માર્ગને અંગીકાર કરી રહ્યા છો તે સત્ય માર્ગ છે. હું પણ આપના જ માર્ગે આવીશ. દેવી રાજુલ પણ આપના જ માર્ગે આવશે. શિવાદેવી માતા પણ આપના જ માર્ગે આવશે, ને શ્રીકૃષ્ણ પણ અંતે આપના જ માર્ગે આવીને મુક્તિ પામશે. આપનો માર્ગ એ અનંત તીર્થંકરોનો માર્ગ છે. જગતને પણ એ માર્ગે આવ્યે જ કલ્યાણ છે.

એ રીતે નેમપ્રભુએ દીક્ષાનો નિર્ણય કરતાં વૈરાગ્યમય મંગલ વાતાવરણ છવાઈ જાય છે. અને લૌકાંતિકદેવો આવીને મંગલ સ્તુતિપૂર્વક પ્રભુના વૈરાગ્યનું અનુમોદન કરે છે–

૧. પ્રભો, આપ મુનિ હોકર આત્માકે ધ્યાનસે કેવલજ્ઞાની બનેંગે ઔર દિવ્યધ્વનિકે દ્વારા મોક્ષકા માર્ગ ખોલેંગે; ઉસકો પાકર જગતકે જીવ ધન્ય બનેંગે !

૨. અહા, જગતથી વિરક્તિ એ જ અનંત તીર્થંકરોનો પંથ છે, આપ પણ એ જ માર્ગે જઈ રહ્યા છો...... જગત પણ એ જ માર્ગે આવશે.

૩. અહા, પ્રભો ! આપ જન્મથી જ વૈરાગી છો. ને આજે રત્નત્રયમાર્ગમાં જઈ રહ્યા છો. તે જગતને માટે કલ્યાણનું કારણ છે.

૪. અહા પ્રભો ! આપકો વીતરાગી દિગંબર અવસ્થામેં દેખકર હમેં બહુત પ્રસન્નતા હોગી. આપકી આત્મા મહાન હૈ; ઔર મુનિદશા ભી મહાન હૈ.

૫. **જીવ મોહને કરી દૂર, આત્મસ્વરૂપ સમ્યક્ પામીને,**
**જો રાગ-દ્વેષ પરિહરે તો પામતો શુદ્ધાત્મને. (૮૧)**

નેમપ્રભુ આજે એવા ઉત્કૃષ્ટ સુખના માર્ગે જઈ રહ્યા છે, તેને અમારી અનુમોદના છે.

૬. આત્માનો આનંદ કહો, જ્ઞાનચેતના કહો, પરમ સામાયિક કહો, નિર્વિકલ્પ અનુભૂતિ કહો, નિર્ગ્રંથી માર્ગ કહો, તે માર્ગે નેમપ્રભુ આજે જઈ રહ્યા છે. ધન્ય છે પ્રભો ! આપનો વૈરાગ્ય ! અમે તેને અનુમોદીએ છીએ.

૭. અહા, જગતપૂજ્ય પરમેષ્ઠીપદ ધારણ કરીને, ચિદાનંદ સ્વરૂપમાં ઝુલતાં–ઝુલતાં આપ ગીરનાર સહેસાવનમાં કેવળજ્ઞાન પામશો અને ત્યાંથી જગતને મોક્ષનો સંદેશ સંભળાવશો.

૮. પ્રભો ! આપ શુદ્ધોપયોગરૂપ મુનિદશાને અંગીકાર કરી રહ્યા છો. મુનિમાર્ગ અંતરમાં સમાય છે; મુનિમાર્ગ એ કાંઈ રાગનો માર્ગ નથી, એ તો વીતરાગતાનો માર્ગ છે.

– તે માર્ગને અમારી અનુમોદના છે.

લૌકાંતિકદેવોની અનુમોદના બાદ, ઇન્દ્રો પાલખી લઈને આવે છે. પ્રભુની પાલખીને લેવાનો પહેલો અધિકાર ઇન્દ્રોનો નહિ પણ મનુષ્યોનો છે; પ્રભુને ઠેઠ મુનિદશા સુધી જે સાથ આપી શકે ને પ્રભુ સાથે સંયમ ધારણ કરે તે પ્રભુની પાલખીને પહેલાં ઉઠાવે. એ રીતે મનુષ્યરાજાઓ પાલખી લઈને પ્રથમ સાત પગલાં ચાલે છે; પછી વિદ્યાધર રાજાઓ સાત પગલાં ચાલે છે, ને છેલ્લે ઇન્દ્રો પાલખી થઈને દીક્ષાવનમાં આવે છે.

સુંદર દીક્ષાવનમાં આંબાના વૃક્ષ નીચે પ્રભુના દીક્ષાકલ્યાણકની વિધિ થઈ તે જોતાં જાણે ગીરનારના સહેસાવનની વચ્ચે જ બેઠા હોઈએ–એવી સુંદર ભાવનાઓ જાગતી હતી. દીક્ષા પછી નેમમુનિરાજનું પૂજન થયું. મુનિરાજની ભક્તિ થઈ; પણ એ પૂજા–ભક્તિ વખતે પ્રભો તો નિર્વિકલ્પ ધ્યાનમાં એકાગ્ર થઈને સાતમા ગુણસ્થાનના નિર્વિકલ્પ મહા આનંદને અનુભવતા હતા, ચોથું જ્ઞાન તથા અનેક લબ્ધિઓ તેમને પ્રગટી હતી. પૂજા–ભક્તિમાં એકાગ્ર ભક્તજનોને ખબર પણ ન પડી કે નેમમુનિરાજ ક્યારે ક્યાં વિહાર કરી ગયા !

દીક્ષાવનમાં હજારો માણસોની સભામાં ગુરુદેવે વૈરાગ્યપ્રવચન કરીને મુનિ દશાનો પરમ મહિમા પ્રસિદ્ધ કર્યો..... એ ધન્ય ચારિત્રદશાની ભાવના ભાવી. આખો દિવસ મુનિભક્તિ ચાલુ જ રહી. બપોરે પચીસ જેટલા જિનબિંબો ઉપર અંકન્યાસ વિધિ થઈ.

બપોરે મધ્યપ્રદેશ–મુમુક્ષુમંડલનું અધિવેશન શેઠશ્રી ભગવાનદાસજી ( સાગર ) ની અધ્યક્ષતામાં થયું; તત્ત્વપ્રચાર માટે અનેક વિચારો વ્યક્ત થયા; મધ્યપ્રદેશના મહામુમુક્ષુમંડળ દ્વારા ઠેરઠેર ધાર્મિક પ્રચાર વૃદ્ધિગત થઈ રહ્યો છે. રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં પણ વિશેષ જાગૃતી આવી રહી છે. આ વખતે આગ્રામાં શિક્ષણશિબિરનું મોટું આયોજન થયું, જેમાં હજારો જિજ્ઞાસુઓએ ભાગ લીધો હતો. સાંજે વીતરાગ

વિજ્ઞાન વિદ્યાપિઠની ગુજરાત શાખાનું ઉદ્‌ઘાટન થયું હતું. ગુજરાતમાં ઘણે ઠેકાણે પાઠશાળાઓ ખુલતી જાય છે. એકએક ગામમાં બાળકો માટે પાઠશાળા હોય તે અત્યંત જરૂરી છે.

રાત્રે વિદ્વાનોનું સંમેલન હતું. અહા, જૈનધર્મની સેવામાં તત્પર આટલા બધા વિદ્વાનો એક સાથે, એક ધ્યેયપૂર્વક હળીમળીને ચર્ચા કરી રહ્યા હતા, તે દેખીને આનંદ થતો હતો. સામાન્ય રીતે વિદ્વાનો ભેગા થાય એટલે વાદવિવાદ કરે; અહીં ભારતના ચારેખુણેથી સેંકડો વિદ્વાનો એકઠા થયા હતા. ક્યાંય વાદવિવાદ ન હતો, આનંદભરી વીતરાગી ગોષ્ઠી ચાલતી હતી. 'આત્મધર્મ' દ્વારા જે પ્રચાર થઈ રહ્યો છે તે બધા વિદ્વાનોએ મુક્તકંઠે પ્રશંસા કરી હતી, ને હજી વધુ પ્રચાર માટે ભાવનાઓ વ્યક્ત કરી હતી. અહીં, દેશભરના હજારો જિજ્ઞાસુ પાઠકોએ આત્મધર્મ પ્રત્યે અને આત્મધર્મના સંપાદક પ્રત્યે જે પ્રેમ–આદર અને વાત્સલ્યની ઉર્મિઓ વ્યક્ત કરી છે, તે આશ્ચર્ય પમાડતી હતી. હજારો તત્ત્વજિજ્ઞાસુ અધ્યાત્મપ્રેમી સજ્જનોનો આવો પ્રેમ–એ આત્મધર્મનું મહાન ગૌરવ છે. અને આત્મધર્મના સંપાદક પણ પ્રસન્ન ચિત્તથી પોતાના હજારો સાધર્મી– પાઠકજનો પ્રત્યે હાર્દિક વાત્સલ્યની ઉર્મિઓ ધરાવે છે. આત્મધર્મ પ્રત્યે ભારતના જિજ્ઞાસુઓનો પ્રેમ જોઈને એમ થતું હતું કે અહા, જેમની વાણીનો થોડોક અંશ જ જે આત્મધર્મમાં આવે છે તે આત્મધર્મ પ્રત્યે પણ જિજ્ઞાસુઓને આટલો પ્રેમ, તો એ ગુરુદેવ પ્રત્યેના પ્રેમની તો શી વાત! અહીં ભેગા થયેલા ભારતના સેંકડો વિદ્વાનએ એકી અવાજે ગુરુદેવને પ્રશંસ્યા..... કવિઓએ સેંકડો કવિતા વડે મહિમા ગાયો...... કવિજનોનાં પંદર દિવસ કાવ્યો ભેગા કરીએ તો સેંકડો કાવ્યોનો ઢગલો થાય. આ બધું આત્મધર્મમાં આપી શકતા નથી તે માટે કવિજનો તેમજ વિદ્વાનો ક્ષમા કરે.

વિદ્વત્ સંમેલનના પ્રારંભમા આશીર્વાદરૂપે ગુરુદેવે કહ્યું કે–આનંદસ્વરૂપ આત્મા પોતે છે–તેનું અનાદિથી વિસ્મરણ, અને રાગાદિરૂપે પોતાને માનીને તેનું સ્મરણ–તે અનાદિથી અવિદ્યા છે; તેનું ફળ સંસાર છે. આનંદસ્વરૂપમાં આત્મા હું અને રાગાદિ તે પર–એમ ભેદજ્ઞાન કરીને મોક્ષનો માર્ગ સાધવો તે સાચી વિદ્યા છે. આવી વીતરાગી વિદ્યાને જે જાણે તે સાચો વિદ્વાન છે. અને વિદ્વાનોએ આવી વિદ્યાનો પ્રચાર કરવા જેવું છે.

ત્યારબાદ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી (બનારસ)ની અધ્યક્ષતામાં જ્ઞાન પ્રચારની ભાવના સંબંધી કેટલાક ઠરાવો રજુ થયા હતા. અનેક વિદ્વાનોએ પોતાના

વિચારો રજુ કર્યાં હતા. આ કાળે જીવન થોડું ને શક્તિ થોડી, તેમાં સાચી વિદ્યાવડે આત્મહિત સાધી લેવા જેવું છે. આવી વિદ્યાના ઉપાસકોનું આ વિદ્વત્–સંમેલન છે. પણ કોઈ અમુક ભણતરની ડીગ્રી ધરાવે તે જ વિદ્વાન–એવું આ સંમેલન નથી. બીજે તો સામાન્યપણે અત્યારે જેટલા વિદ્વાન એટલા મત–એવી પરિસ્થિતિ છે ને વિદ્વાનોમાં ખેંચાતાણી ચાલે છે, આપણે તો અહીં ગુરુદેવની છાયામાં વીતરાગી વિદ્યાના જિજ્ઞાસુ સેંકડો વિદ્વાનો ભેગા થાય છે ને બધા વિદ્વાનો એકમત છે..... કે અમે તો તત્ત્વના જિજ્ઞાસુ અને જ્ઞાનના પ્યાસી છીએ.... જૈનશાસનની સેવા માટે બધું સમર્પી દેવા અમે તૈયાર છીએ. આવા દ્રષ્ટિકોણનું આ વિદ્વત્ સંમેલન છે. વિદ્વાનોની બે પાર્ટીમાંથી કોઈ પાર્ટીના પોષણ માટે આ સંમેલન નથી; પણ પાર્ટી–મતભેદ મટાડીને, વીતરાગવિદ્યામાં એકતા માટેનું આ સંમેલન છે. આવા વિચારો વિદ્વત્ સંમેલનમાં વિદ્વાનોએ વ્યક્ત કર્યાં હતા. તે ઉપરાંત ‘આત્મધર્મ’ દ્વારા જે પ્રભાવના થઈ રહી છે તેની પ્રશંસાપૂર્વક તેના વધુ ને વધુ પ્રચારની ભાવના ભાવી હતી.

## વૈશાખ સુદ બીજઃ ૮૩ મી જન્મજયંતી

જેમના પ્રતાપે ભેદજ્ઞાનરૂપી મંગલ બીજ ઊગી છે એવા મંગલમૂર્તિ ગુરુદેવનો આજ ૮૩ મો જન્મોત્સવ ઊજવાઈ રહ્યા છે, ત્યારે સર્વપ્રથમ ‘અષ્ટ’ મહાગુણના કારણરૂપ ત્રણ રત્નના ઉપાસક ગુરુદેવને નમસ્કાર કરું છું.

ધન્ય બન્યું આ ફત્તેપુર, કે જ્યાં કહાનગુરુનો ૮૩ મો જન્મોત્સવ આનંદથી ઉજવવા ભારતના દશ હજારથી વધુ મુમુક્ષુજનો ઉભરાઈ રહ્યા છે. સવારમાં ચાર વાગતાં પહેલાં તો આનંદવધાઈ માટે સૌ તૈયાર થઈ ગયા છે. હજારો બત્તીના ચિત્રવિચિત્ર ઝગમગાટથી વીતરાગવિજ્ઞાનગર અને ફત્તેપુર શહેર અદ્‌ભૂત શોભી રહ્યું છે. દરવાજે બે હાથી મહાપુરુષને સત્કારવા આતુર થઈને ઊભા છે. હજારો ભક્તો જૈનધર્મના જયજયકાર કરતા ને મંગલ વધાઈ ગાતાં ગાતાં પ્રભાત ફેરી રૂપે આવી રહ્યા છે. ગુરુદેવ વહેલી સવારમાં પ્રતિષ્ઠામંડપમાં પધાર્યા ને ભક્તિચિત્તે જિનેન્દ્ર ભગવંતોના દર્શન કર્યાં. ત્યારબાદ જેમના પ્રતાપે આપણને સાચો જૈનધર્મ અને મોક્ષમાર્ગ પ્રાપ્ત થયો છે એવા

ગુરુકહાન પ્રત્યે પરમ ઉપકારભાવે સૌએ શ્રીફળ લઈને અભિવંદન કર્યું. વીતરાગ વિજ્ઞાનનગરમાં ઊભરાયેલા દશ હજારથી વધુ મુમુક્ષુ જીવો એમ પ્રસિદ્ધિ કરી રહ્યા હતા કે હે ગુરુદેવ! વીતરાગપરમાત્મા તીર્થંકર ભગવંતોએ અને કુંદકુંદાચાર્ય વગેરે સન્તોએ બતાવેલો જે આત્મસન્મુખી વીતરાગી મોક્ષમાર્ગ આપે અમને દેખાડયો છે તે સુંદર માર્ગ અમને ગમ્યો છે, તે માર્ગ અમે સ્વીકાર્યો છે ને તે માર્ગે અમે આવી રહ્યા છીએ. આવા માર્ગની પ્રાપ્તિ આપના જ પ્રતાપે અમને થઈ છે તેથી આપનો અવતાર અમારા માટે કલ્યાણનું કારણ છે; એટલે આપનો જન્મોત્સવ ઊજવતાં ખરેખર અમે અમારા આત્મહિતનો જ ઉત્સવ ઊજવી રહ્યા છીએ. આવી ભાવનાથી સૌએ ગુરુદેવને અભિનંદ્યા.

એક મોટી બીજની રચના ઉપર બિરાજમાન કહાનગુરુ ગંભીરપણે શોભતા હતા. અહા, વૈશાખસુદ બીજ એ તો જાણે જ્ઞાનની ઉજ્જવળ બીજ ઊગી છે... ને ઉપર પૂનમનું દ્રશ્ય એવું હતું કે જાણે ગુરુદેવ બીજ દ્વારા કેવળજ્ઞાન–પૂર્ણિમાને બોલાવી રહ્યા હોય! આમ બીજ અને પૂનમની વચ્ચે કહાનગુરુનું દ્રશ્ય સરસ લાગતું હતું. એક બાજુ હજારો શ્રીફળનો ઢગલો હતો; બીજી બાજુ શરણાઈના મંગલસૂર ગાજી રહ્યા હતા. દેશભરના હજારો મુમુક્ષુઓની લાંબી કતાર લાગી હતી, ને જયજયકારના મોટા કોલાહલથી મંડપ ગાજી રહ્યો હતો.

એકાએક બધો શોરબકોર બંધ થઈ ગયો.... કેમ? કારણકે ગુરુદેવે ગંભીરધ્વનિથી સિદ્ધપ્રભુનું સ્મરણ કરીને મંગલાચરણ સંભળાવવું શરૂ કર્યું. સમયસારની પહેલી ગાથા દ્વારા અનંત સિદ્ધભગવંતોનું સ્મરણ કરીને કહ્યું કે આવા સિદ્ધ ભગવંતોને આત્મામાં સ્થાપીને તેમનો આદર કરતાં, તેમના જેવો પોતાનો શુદ્ધઆત્મા લક્ષમાં લાવે છે, ને રાગથી ભિન્ન ચૈતન્યનું ભાન થતાં ભેદજ્ઞાનરૂપી બીજ ઊગે છે તે અપૂર્વ મંગળ છે. ને આવી બીજ ઉગી છે તે આગળ વધીને કેવળજ્ઞાનરૂપી પૂર્ણિમા થશે.... થશે ને થશે. તે ઉત્કૃષ્ટ મંગળ છે.

આવું માંગળિક સાંભળીને સૌને ઘણી પ્રસન્નતા થઈ. ઉમંગભર્યા વાતાવરણમાં પૂજનાદિ બાદ ગુરુદેવે સુંદર પ્રવચન દ્વારા આનંદમય ભેદજ્ઞાનબીજનો મહિમા સમજાવીને કહ્યું કે અરે જીવ! એકવાર આવી જ્ઞાનીબીજ ઉગાડ...... (ત્યારે એમ થતું કે વાહ ગુરુદેવ! આપની વૈશાખસુદ બીજે તો અમને ભેદજ્ઞાનરૂપી બીજ આપી.)

પ્રવચન બાદ આજના આનંદપ્રસંગે સૌએ પોતાનો હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો.... ને ૮૩ જન્મજયંતીની ખુશાલીમાં ૮૩ ની રકમો લગભગ એક હજાર લખાણી.

આ પ્રસંગે ભારતભરમાંથી આવેલા અગ્રગણ્ય વિદ્વાનો, પ્રમુખ આગેવાનો, કાર્યકરો, હજારો મુમુક્ષુઓ, અને આરાધક જીવોથી સભા શોભી રહી હતી. સૌ ગુરુદેવને અભિનંદવા આતૂર હતા. સમય ઘણો થોડો હોવાથી પાંચ-સાત વક્તાઓ જ બોલી શક્યા હતા.

* શરૂઆતમાં ભાઈશ્રી ખીમચંદભાઈએ પોતાની વિશિષ્ટ શૈલીથી ઉપસ્થિત સમાજવતી ગુરુદેવપ્રત્યે શ્રદ્ધાંજલિ આપી; અને સાથે સોનગઢ-સંસ્થાના આદ્યપ્રમુખ મુરબ્બીશ્રી રામજીભાઈ વતી એમ જાહેર કર્યું કે અહીં ફત્તેપુરમાં આ ૮૩ મી જન્મજયંતી ઉજવાઈ રહી છે ને ફત્તેહ થઈ ગઈ છે; હવે આગામી વર્ષે ૮૪ મી જન્મજયંતી સોનગઢમાં ઉજવાશે ત્યારે આપ સૌ જરૂર પધારશો, ને ગુરુદેવના ઉપદેશવડે આપણે સૌ ચોરાશીના ફેરા ટાળવાનો માર્ગ પામીએ એવી ભાવના સાથે બધા મુમુક્ષુઓને સોનગઢ પધારવાનું આમંત્રણ અત્યારથી આપીએ છીએ.

卐 અખિલ ભારત જૈનસમાજના પ્રસિદ્ધ નેતા શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહૂ-જેઓ આ ઉત્સવમાં ફત્તેપુર આવ્યા હતા, તેમણે પોતાના તરફથી તેમજ ભારતના સમગ્ર જૈનસમાજ વતી સરસ ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી, અને સાથે ગુરુદેવ દ્વારા સમ્યક્ત્વપ્રાપ્તિની ભાવના ભાવી હતી. તેમજ ૮૩ મી જન્મજયંતીના ઉપલક્ષમાં રૂા. ૮૩૦૦ સોનગઢસંસ્થાને અર્પણ કર્યાં હતા. તેમનું લાગણીભીનું ભાષણ આ અંકમાં આપ વાંચશો.

卐 અજમેરના શેઠશ્રી ભાગચંદજી સોનીએ શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે-ફત્તેપુરમાં ભગવાનના પંચકલ્યાણક થઈ રહ્યા છે ને સાથે કાનજી સ્વામીની જન્મજયંતી પણ માનવાનો પ્રસંગ મળ્યો છે. કુંદકુંદાચાર્ય આદિ નિર્ગ્રંથ મુનિવરોએ જે માર્ગ કહ્યો તે માર્ગ આજ કાનજીસ્વામીના મુખથી આપણને સાંભળવા મળે છે..... તેમના પ્રત્યે હું શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.


卐 ઈન્દોરના ભૈયાસાહબ શ્રી રાજકુમારસિંહજીએ ઉમંગભરી અંજલિ આપતાં કહ્યું કે-આત્માકે કલ્યાણકા માર્ગ દિખાકર આજ પૂ. કાનજીસ્વામીને આપણા ઉપર જે મહાન ઉપકાર કર્યો છે-ઈસસે બડા કોઈ ઉપકાર નહીં કિયા જા સકતા. હમ મહાવીર ભગવાનકી પરંપરામેં આયે, અપનેકો મહાવીરકે અનુયાયી સમજે, કિન્તુ ભગવાનકે માર્ગકો હમ ભૂલ રહે થે ઔર વિપરીત માર્ગમેં જા રહે થે, તબ



બીજી અને પૂનમની વચ્ચે



પૂનમ નજીક આવી ગઈ...



શાહુજી, પં. ફૂલચંદજી, શેઠ ભાગચંદજી અને રાજકુમારસિંહજી અંજલિ આપી રહ્યા છે.





'બાબુભાઈને ધન્યવાદ! '

સીમંધરનગરીનું એક દૃશ્ય





મહેમાનોનું સન્માન.

ઈન્દ્ર-ઇન્દ્રાણીદ્વારા કળશશુદ્ધિ





શાહુજી દ્વારા સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન ( ફત્તેપુર ).

પૂ. કાનજીસ્વામીને મહાવીરકા સચ્ચા માર્ગ દિખાકર અપનેકો કલ્યાણકે સચ્ચે માર્ગ પર લગાયા હૈ.

卐 બનારસના સિદ્ધાંતાચાર્ય પં. શ્રી ફૂલચંદજીએ ઉર્મિભરી અંજલિ આપતાં કહ્યું કે આજ કાનજીસ્વામીકે દ્વારા દિ. જૈનધર્મકી જો પ્રભાવના હો રહી હૈ વહ આપકી સમક્ષ હી હૈ; જૈનશાસનની પ્રભાવના અને કાનજીસ્વામી –એ વાત સંકલિત છે. આપણે જૈનશાસનની પ્રભાવના કરવી હશે તો પૂ. સ્વામીજીને સાથે રાખવા પડશે. તેમની ઉપેક્ષા કરીને જૈનશાસનની પ્રભાવના થઈ શકે નહિ. ધર્મને જીવંત રાખવો હોય, તેનો પ્રવાહ સેંકડો વર્ષ ચલાવવો હોય, અને પાખંડનો ફેલાવો અટકાવવો હોય તો આપણે સૌએ આ મહાન વ્યક્તિ, જો હમારે બિચ ઉપસ્થિત હૈ ઉનકા મંગલવાન કરના હૈ. અહીં ઉપસ્થિત જૈનસમાજના નેતાઓ પાસેથી આપણે એવી આશા જરૂર રાખીએ કે આમના ઉપર આક્રમણ થતું રોકે, સમાજની શૃખંલા તૂટતી રોકે–અને પોતાના સચ્ચા નેતૃત્વ વડે દીર્ઘ જીવન સુધી પોતે આનંદનો સ્વાદ લેતા રહેશે ને આપણને પણ આનંદનો સ્વાદ દેતા રહેશે.

* ફત્તેપુરના અને ગુજરાતના જૈન સમાજના નેતા ભાઈશ્રી બાબુભાઈએ ઉમંગભરી જોશદાર અંજલિ આપતાં કહ્યું હતું કે ગુરુદેવની જન્મજયંતી ઉજવીને આજ અમે પાવન બન્યા, અમારી નગરી આજ ધન્ય બની, અમારું જીવન આજ ધન્ય બન્યું. મિથ્યામાર્ગ છોડાવીને ગુરુદેવે જ આપણને સત્યમાર્ગે વાળ્યા છે; સાચા દેવ–ગુરુનું સ્વરૂપ ગુરુદેવે જ આપણને સમજાવ્યું છે. તેમના પ્રતાપે જ આવા મહાન ઉત્સવનું સૌભાગ્ય આપણને મળે છે. તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

* શ્રી બ્ર. બાબુલાલજી ( ઇંદોર ઉદાસીન–આશ્રમના અધિષ્ઠાતા ) એ જન્મજયંતી–શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી, અને આવા પ્રકારની ધર્મસભા, આવા શ્રોતાઓ, અને આવા સભાનાયક કેટલા પ્રભાવશાળી છે તે સંબંધી મહિમા પ્રગટ કરતાં કહ્યું કે અધ્યાત્મમેં સમ્યક્ત્વાદિરૂપ દશાનો જન્મ થાય તે જન્મજયંતી છે. આવી જન્મજયંતી વડે જ્ઞાનનો પ્રકાશ થાય છે, ને અજ્ઞાન–અંધકાર દૂર હટે છે.

આ ઉપરાંત બીજા અનેક ત્યાગીઓ, વિદ્વાનો, કવિઓ, સાહિત્યકારો, પત્રકારો તેમજ ઈન્દોરના શેઠ મિશ્રિલાલજી ગંગાલાલ, દિલ્હીના રાજા ટોયઝવાળા શેઠ કૈલાસચંદજી, જૈનાવોચવાળા શેઠ પ્રેમચંદજી, ઉજ્જૈનના શેઠ દેવકુમારજી, પરસાદીલાલજી પાટની ( મંત્રી ),

ફલ્ટનના શેઠ, બેંગલોર અને ગૌહત્તીના ભાઈઓ વગેરે પણ ઉપસ્થિત હતા ને સમયના અભાવે તેઓએ ઉપરની શ્રદ્ધાંજલિઓમાં પોતાનો સૂર પૂરાવીને સંતોષ માન્યો હતો.

– આ રીતે વૈશાખસુદ બીજે ૮૩મી જન્મજયંતી આનંદપૂર્વક ઉજવાઈ હતી.

* * *

હવે, પંચકલ્યાણકમાં દીક્ષાકલ્યાણક બાદ આજે શ્રી નેમુનિરાજના આહાર દાનનો પ્રસંગ શેઠશ્રી છોટાલાલ ભાઈને ત્યાં બન્યો; તેમાં પણ કાનજીસ્વામી દ્વારા ભક્તિપૂર્વક નેમમુનિરાજને આહારદાન દેવાનું નીહાળીને તો (વજ્જંઘ અને શ્રીમતી દ્વારા આહારદાન દેખીને જેમ અન્ય જીવો ખુશી થયા હતા તેમ) હજારો જીવો ખુશી થયા હતા. કહાનગુરુ પણ પ્રસન્નચિત્તે ભક્તિથી આહારદાન દેતા હતા, અને વળી યોગાનુયોગ બરાબર આજે વૈશાખ સુદ બીજના જન્મદિવસે જ મુનિભગવંતને આહાર દાન દેવાનો લાભ મળતાં તેઓ વિશેષ પ્રસન્ન થતા હતા. પૂ. બેનશ્રીબેન વગેરેએ પણભક્તિથી મુનિરાજને આહારદાન કર્યું હતું. આહારદાનના આવા પ્રસંગો દેખીને રત્નત્રયમાર્ગી પરમગુરુ મુનિરાજ–ભગવંતો પ્રત્યે મહાન આદર–ભક્તિના ભાવો જાગતા હતા. ધન્ય મુનિજીવન! ધન્ય દિગંબર જૈનમુનિઓની નિર્દોષ ચર્ચા! આહારદાન પછી નેમમુનિરાજના પગલે પગલે સેંકડો ભક્તો ગયા હતા ને મંડપમાં ખૂબખૂબ મુનિભક્તિ કરી હતી. લોકો આશ્ચર્ય પામી જાય કે વાહ! મુનિવરો પ્રત્યે સોનગઢવાળાની ભક્તિ કેવી અદ્‌ભૂત છે! એવી એ ભક્તિ હતી.

બપોરે નેમનાથ પ્રભુને કેવળજ્ઞાન થતાં ગીરનાર પર સહેસાવનમાં સમવસરણની રચનાનું દ્રશ્ય થયું હતું. ઇન્દ્રોએ કેવળજ્ઞાનનું મહાપૂજન કર્યું. રાત્રે કવિસંમેલન થયું તથા ભગવાન મહાવીરના ૨૫૦૦ મા નિર્વાણમહોત્સવની અખિલ ભારતીય સોસાયટીની સભા થઈ. શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહુની અધ્યક્ષતામાં ભારતના સેંકડો વિદ્વાનોએ તથા હજારો જિજ્ઞાસુઓએ તેમાં ઉત્સાહથી ભાગ લીધો.

પ્રારંભમાં મંગલ આશીર્વાદરૂપે ગુરુદેવે કહ્યું કે બહારના ભણતર અને શાસ્ત્રની વિદ્વતા આવડે કે ન આવડે તે જુદી ચીજ છે; અહીં તો આત્માનું સંસારદુઃખ જેનાથી મટે ને ચૈતન્યસુખ જેનાથી મળે એવી વીતરાગી વિદ્યાની વાત છે. ભેદજ્ઞાનરૂપ વીતરાગ વિદ્યા જેને આવડી તે સાચો વિદ્વાન છે.

તથા ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવ સંબંધમાં આશીર્વાદ આપતાં ગુરુદેવે જયપુરમાં જે કહ્યું હતું તે જ અહીં ફરીને કહ્યું કે બધા ભેગા થઈને મહાવીર ભગવાનનો નિર્વાણમહોત્સવ ઉજવે તે સારી વાત છે. તેમાં કોઈએ વિરોધ કરવા જેવું નથી. બધાએ

ભેગા મળીને પરસ્પર સંપથી–પ્રેમથી જૈનશાસનની પ્રભાવના થાય તેમ કરવા જેવું છે. લોકોમાં બીજા અન્યમતના પ્રસિદ્ધ લોકોની જે જયંતી ઉજવાય છે તે તો લૌકિક છે, ને મહાવીર ભગવાન તો અલૌકિક છે, બીજાની સાથે તેમને સરખાવી શકાય નહીં. જૈનોની સંખ્યા ભલે થોડી હોય પણ જૈનતીર્થંકરોનો માર્ગ એ તો અલૌકિક માર્ગ છે. બધાએ ભેગા મળીને એની ભાવના થાય તેમ કરવું તે સારી વાત છે.

આ સંબંધમાં આત્મધર્મના સંપાદકની યોજનાઓ એવી છે કે મહાવીર ભગવાને આપણને જે ધર્મનો મહાન વારસો આપ્યો છે તે વારસો જૈનસમાજમાં ઘરેઘરે પહોંચે, જૈનનો એકએક બચ્ચો એ વાત જાણે કે ભગવાન મહાવીરે અમને કેવો મહાન વારસો આપ્યો છે! અમે કોઈ સામાન્ય પુરુષના અનુયાયી નથી, અમે તો મહાવીર પરમાત્માના અનુયાયી અને વારસદાર છીએ. મહાવીરદેવે આપણને જે આપ્યું, મહાવીરની પરંપરામાં જૈનસંતોએ આપણને જે અમૂલ્ય શ્રદ્ધા–જ્ઞાન–આચરણનાં નિધાન આપ્યાં, તે નિધાનને આપણું દરેક બાળક જાણે ને ગૌરવપૂર્વક પોતે વીરના સંતાન બને. એવી રીતે આપણે મહાન ઉત્સવનું આયોજન કરવું જોઈએ. દિલ્હીની મોટી મીટીંગો ભલે તેમનું કામ કરે, આપણે તો નાના–મોટા દરેક ઘરમાં મહાવીરપ્રભુના મોક્ષનો ઉત્સવ ઉજવાય, ને દરેક ઘરનું બાળક પણ તેમાં ભાગ લઈને ગૌરવથી એમ કહી શકે કે અમારા ભગવાનનો ઉત્સવ અમે અમારા ઘરમાં ઊજવી રહ્યા છીએ, એ રીતે આયોજન કરવું જરૂરી છે.

૨૫૦૦ મા ઉત્સવ બાબતમાં શ્રીમાન્ શાંતિપ્રસાદજી શાહુ અને બીજા ઘણા આગવાનો ખૂબ તમન્નાથી કાર્ય કરી રહ્યા છે; સમાજમાં તે બાબતમાં જાગૃતિ પણ સારી છે; પરંતુ હજી વ્યવસ્થિત રૂપરેખા તૈયાર થઈ નથી. હજી તો પ્રાંતેપ્રાંતની કમિટિઓ રચાઈ રહી છે. આશા રાખીએ કે હજી બે વર્ષના ગાળામાં બધું વ્યવસ્થિત આયોજન થઈ જશે, ને વીરપ્રભુનો જૈનઝંડો ફરી એકવાર વિશ્વને વીતરાગતાનો સંદેશ આપશે.

ઉદ્ઘાટન ભાષણ અજમેરના કેપ્ટન સર ભાગચંદજી સોનીએ કર્યું. ત્યારબાદ શાહુ શાંતિપ્રસાદજીએ ધર્મપ્રચાર બાબત પોતાના વિચારો રજુ કર્યાં, તેમાં સમસ્ત જૈનોમાં પરસ્પર પ્રેમ–સંપ અને વાત્સલ્ય ઉપર ખાસ ભાર મૂક્યો; ગીરનારજી જેવા આપણા તીર્થોની રક્ષા અને તીર્થોના વિકાસ બાબત પણ સમાજે જાગૃત રહેવાની જરૂર છે તેમ બતાવ્યું; વિશેષમાં કહ્યું કે પુરાતત્ત્વ ઠેરઠેર આપણા જૈનધર્મના પ્રાચીન વૈભવને પ્રસિદ્ધ કરી રહ્યા છે. ભારતમાં જે ૨૦૦–૩૦૦ જેટલા મ્યુઝિયમો ( પુરાતત્ત્વ સંગ્રહાલયો ) છે તે બધાયમાં પ્રાચીન દિગંબર જૈનમૂર્તિઓ કોઈને કોઈ રૂપમાં વિદ્યમાન છે, લંડનના

પ્રસિદ્ધ મ્યુઝીયમમાં પણ ઘણી દિ. જૈનમૂર્તિઓ છે. આજે ભૂગર્ભમાંથી જો એક જુની મૂર્તિ નીકળશે તો તેમાંથી ચારસો કે પાંચસો તો દિગંબર જૈનમૂર્તિઓ હશે. તે ઉપરથી આપણા જૈનધર્મના પ્રાચીન ગૌરવનો આપણને ખ્યાલ આવશે. આજે આવા ધર્મના સિદ્ધાંતોના પ્રચાર માટે વીરપ્રભુની ૨૫૦૦મી નિર્વાણતિથિના બહાને આપણને એક મહાન તક મળી છે. તે તકનો ઉત્તમ ઉપયોગ કરીને આપણે જૈનધર્મનો પ્રચાર કરીએ, બાળકોમાં તેનું શિક્ષણ આપીએ–એવી ભાવના દરેક વક્તાઓએ વ્યક્ત કરી.

વૈશાખ સુદ ત્રીજની સવારમાં ગીરનારની પંચમટૂંક ઉપર ચોથા શુક્લધ્યાનમાં બિરાજમાન નેમપ્રભુનું દ્રશ્ય થયું.. થોડીવારમાં પ્રભુજી મોક્ષપધાર્યા. ને ઇન્દ્રોએ નિર્વાણ કલ્યાણક પૂજન કર્યું. પ્રભુના પંચકલ્યાણકની વિધિ પૂર્ણ થઈ. તે જગતનું કલ્યાણ કરો.

સાડાદશ વાગે દિલ્હીના શાહુજીએ સ્વાધ્યાય મંદિરનું ઉદ્ઘાટન કર્યું, તેમાં ગુરુદેવના હસ્તે જિનવાણીની સ્થાપના થઈ. અગિયાર વાગ્યાથી સમવસરણમાં જિનેન્દ્ર ભગવાનની પ્રતિષ્ઠા શરૂ થઈ. ગુરુદેવે ભાવભીના ચિત્તે સીમંધરનાથની પ્રતિષ્ઠામાં ભાગ લીધો. સમવસરણમાં બિરાજમાન સીમંઘરનાથપ્રભુ, અને તેમની સન્મુખ ઊભેલા ભરતક્ષેત્રના ધર્મધૂરંધર સંત કુંદકુંદાચાર્યદેવ, તે દ્રશ્ય દેખીને સૌને આનંદ થતો હતો. ઘણા આનંદથી પ્રભુ–પ્રતિષ્ઠા થઈ. મંદિરના ઉપરના ભાગમાં શાંતિનાથ ભગવાનના ખડ્ગાસન પ્રતિમાજીની પ્રતિષ્ઠા થઈ. અહા! શાંતિનાથ ભગવાનની શાંતમુદ્રા મોક્ષને સાધવાની રીત દેખાડી રહી છે. નીચેના ભાગમાં પહેલાંના મૂળનાયક શીતલનાથ ભગવાન એમને એમ પૂર્વવત બિરાજમાન છે. પ્રભુની પ્રતિષ્ઠા પછી મંદિર ઉપર કળશ –ધ્વજ ચડયા. મુખ્ય કળશ ઉપરાંત બીજા ૮૩ નાનકડા કળશ પણ મંદિરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

પ્રભુની પ્રતિષ્ઠા થઈ ત્યારે હજારો દર્શકોની ભીડ હર્ષનો કોલાહલ કરતી હતી. નીચે જમીન ઉપર તો આખી બજારમાં ચાલવાનો માર્ગ પણ રહ્યો ન હતો–એટલી ભીડ હતી. આજે મુંબઈના ભૂલેશ્વરની ભીડ કરતાંય આ ફત્તેપુરના ખેતરમાં ભીડ વધારે હતી. જંગલમાં મંગલ થઈ રહ્યું હતું. જમીન ઉપર કોલાહલ કરતાં ય આકાશમાં વધારે ગર્જના થતી હતી.... ને આકાશમાંથી ફૂલ વરસી રહ્યા હતા.

હેલિકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિનું દ્રશ્ય જોવાલાયક હતું. એ જોવા માટે આસપાસના ગામડાના દશેક હજાર લોકો ધોમધખતા તાપમાં ઉમટી પડયા હતા; તેઓ હેલિકોપ્ટર દ્વારા થતી પૃષ્ટવૃષ્ટિ આનંદથીજોતા હતા, પરંતુ તે હેલિકોપ્ટર કોના ઉપર પુષ્પવૃષ્ટિ કરે છે તેને તેઓ ઓળખતા ન હતા. બહુ તો મંદિર ઉપર પુષ્પવૃષ્ટિ થતી દેખતા હતા

## ફત્તેપુર મહોત્સવ ( ૧૮ )





ફત્તેપુરમાં
બિરાજમાન શ્રી
શીતલનાથ વગેરે
જિનભગવંતો

સમવસરણ મંદિરમાં
સીમંધર ભગવાન
અને
કુંદકુંદચાર્યદેવ



ઉપર બિરાજમાન
શાંતિનાથ ભગવાન



સમવસરણ–પ્રતિષ્ઠાનું એક દ્રશ્ય



હેલિકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ




ગુરુદેવ ફત્તેપુરમાં પધાર્યા..



વીતરાગીવિજ્ઞાનગર ( પ્રતિષ્ઠામંડપ ) નો દરવાજો

ફત્તેપુરમાં ગુરુદેવની પ્રવચન વખતની ભવ્ય સભાનાં દશ્યો







વાહ રે વાહ, ચૈતન્યની અદ્‌ભૂત વાત !



સંપાદક પ્રવચન લખી રહ્યા છે.

પણ મંદિરમાં બિરાજમાન દેવ કેવા મજાના વીતરાગ–સર્વણ છે! ને તેમણે કેવો સરસ મોક્ષમાર્ગ બતાવ્યો છે! –એની તો લોકજનોને ક્યાંથી ખબર હોય! મુમુક્ષુઓને તો આવા દ્રશ્યો દ્વારા અરિહંત પરમાત્માનો અને તેમના માર્ગનો મહિમા દેખીને આનંદ થતો હતો. વીતરાગ પ્રભુ પ્રત્યે પરમભક્તિ પૂ. બેનશ્રી–બેન પણ હેલિકોપ્ટર દ્વારા પૃષ્પવૃષ્ટિ કરી હતી. સમવસરણમાં બિરાજમાન સીમંધરનાથના ઉપર બંને ધર્મમાતાઓ દ્વારા પુષ્પવૃષ્ટિ દેખીને આનંદ થતો હતો ને વિદેહનાં મધુર સંભારણાં જાગતા હતા.

આ ઘણાજ આનંદ–ઉલ્લાસભર્યા વાતાવરણમા ફત્તેપુરમાં જિનેન્દ્ર ભગવાનની મંગલપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ પૂરો થયો..... તે ભવ્યજીવોનું કલ્યાણ કરો.

વૈશાખ સુદ ત્રીજ, તા. ૧૫ ના રોજ રાત્રે પૂ. ગુરુદેવના મંગલ આશીર્વાદપૂર્વક, શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહુ દ્વારા મહાવીરપ્રભુના અઢીહજારમાં નિર્વાહમહોત્સવ માટેની ગુજરાત–સૌરાષ્ટ્રની શાખાનું ઉદ્ઘાટન થયું. શાહુજીએ કહ્યું કે વધુ પડતી કમિટિઓ બનાવવાથી કામ થતું નથી; આપણે તો કામ કરવાનું છે, બાળકોને ઉત્તમ સંસ્કાર મળે તે માટે વિશેષ ધ્યાન આપવાનું છે, તથા આ કાર્ય માટે ગુજરાત–સૌરાષ્ટ્રમાં જે મુમુક્ષુ મંડળ ચાલે છે તેઓ જ આ કાર્ય સાંભળી લ્યે તો તે ઉત્તમ છે. વિશેષમાં ગીરનાર તીર્થની જે વિકટ પરિસ્થિતિ ચાલી રહી છે તે સંબંધમાં વિશેષ ધ્યાન આપવા ગુજરાત સૌરાષ્ટ્રના કાર્યકર્તાઓને ખાસ ભલામણ કરી.

ત્યારબાદ દિલ્હીના જૈન વોચ કુ.વાળા શેઠશ્રી પ્રેમચંદજી, અજમેરના શેઠશ્રી ભાગચંદજી સોની વગેરેએ પણ આ વિષય સંબંધમાં ભાષણ કર્યાં. શ્રીમાન્ સોનીજીએ કહ્યું કે–ભગવાન મહાવીરની અઢી હજારમી નિર્વાણ જયંતીનો આવો મહાન અવસર મનાવવાનું આપણા જીવનકાળમાં આપણને મળ્યું તે આપણા મહાન ભાગ્ય છે. નિર્વાણ મહોત્સવ તે વર્ષ દરમિયાન ભારતની બધી ભાષામાં, તેમજ દુનિયાભરના ઘણાખરા દેશોમાં મહાવીર ભગવાનનું નામ અને તેમના ગુણગાન ગૂંજતા હશે. મહાવીર ભગાવન પછી આજ સુધીના હજારો વર્ષમાં ઘણા મહાપુરુષો થઈ ગયા, પણ અઢી હજાર વર્ષના મહોત્સવનો આવો મહાન અવસર તો આપણને જ મળ્યો, તે એક સૌભાગ્ય છે. બીજા પણ અનેક વક્તાઓએ આ સંબંધી વિચારો રજુ કર્યાં. એકંદર વીરપ્રભુના અઢી હજારમાં નિર્વાણમહોત્સવ માટે ભારતના સમસ્ત જૈનસમાજમાં ઘણો સારો ઉત્સાહ છે. આ ઉત્સવ અનુસાર ઉત્તમ કાર્યો ને ધર્મપ્રચાર થાય એવી ભાવના ભાવીએ.

વૈશાખ સુદ ચોથે પ્રવચનબાદ શાંતિયજ્ઞ થયો. હવે પ્રતિષ્ઠામહોત્સવ પૂરો થતાં

હજારો લોકો વિદાય થવા લાગ્યા. બપોરે પ્રવચન પછી ઉત્સવની ખુશાલીમાં જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા નીકળી. અજમેરનો કલાપૂર્ણ રથ પ્રભુજીને લીધે વિશેષ શોભતો હતો. રાત્રે સમવસરણમાં મંગલભક્તિ થઈ હતી.. આમ આનંદપૂર્વક ફત્તેપુરનો મંગલમહોત્સવ પૂરો થયો ને બીજે દિવસે સવારમાં પ્રભુની ભક્તિ કરાવીને ગુરુદેવે ફત્તેપુરથી બામણવાડા તરફ પ્રસ્થાન કર્યું. (ઈતિ ફત્તેપુર–મહોત્સવ સમાચાર પૂર્ણ)

(ફત્તેપુરના સમાચાર આપે વાંચ્યા.... હવે પૃ. ૨૫માં ફત્તેપુરથી ભાવનગર સુધીનાં પ્રવચનોની પ્રસાદી પણ આપ વાંચો. તેમાં ભરેલો વીતરાગી ચૈતન્યરસ આપને જરૂર ગમશે.)

## જૈનસમાજના નેતા શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહુનું ભાષણ

### (ફત્તેપુરમાં વૈશાખ સુદ બીજે જન્મ-જયંતી પ્રસંગે શ્રદ્ધાંજલિરૂપ ભાષણ)

ભારતમાં દિગંબર જૈનસમાજના નેતા શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહુ (દિલ્હી) એ ભારતના સમસ્ત જૈનસમાજ તરફથી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યુ હતું કે શ્રદ્ધેય સ્વામીજી મહારાજ! આપકે ચરણોમેં શતશત નમસ્કાર હો. મૈં અપની ઓરસે ઉપસ્થિત સમસ્ત સભાજનોંકી ઓરસે, એવં ભારતકી સમસ્ત જૈનસમાજકી ઓરસે આપકો નમસ્કાર કર શ્રદ્ધાંજલિ અર્પણ કરતા હૂં.

આગળ ચાલતાં શાહુજીએ કહ્યું કે દૂરસે ભી આપકા નામ જો સુનતે હૈં ઔર આપકી પાસ જો આતે હૈ, વે એક હી લગનસે આતે હૈં કિ આપ હમેં સમ્યગ્દૃષ્ટિ હોનેકા જો રાસ્તા બતલા રહે હૈ ઉસ રાસ્તેસે હમ કૈસે સમ્યગ્દૃષ્ટિ બનેં! સમ્યગ્દર્શન થવાનો જે રસ્તો આપ અમને બતાવી રહ્યા છો તે રસ્તે અમે સમ્યગ્દર્શન પામીએ–એવી એક જ લગનથી અમે સૌ આપની પાસે દૂરદૂરથી આવીએ છીએ. આજે પણ પ્રવચનમાં આપે એ જ બતાવ્યું કે આજ પણ સમ્યગ્દૃષ્ટિ કઈ રીતે થઈ શકાય છે!

અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન મહાવીરે આ વાત કરી હતી; સેંકડો વર્ષો બાદ ભગવાન કુંદકુંદે પણ એ વાત કરી. ઈસકે બાદ ભી અનેક બડેબડે આચાર્ય થયા, તેઓ પણ આ વાહ કહેતા ગયા. પરંતુ ૭૦૦ વર્ષ પહેલે તમામ દેશમાં એક એવું વાતાવરણ ફેલાઈ ગયું કે સમાજના બહુત લોગ બાહ્યસંપત્તિ તરફ ઝૂકી ગયા. પરંતુ આજ સુધી સમાજમેં જાગૃતી આ ગઈ હૈ, અધ્યાત્મતાકા યુગ આ રહા હૈ ।

હમ પૂજાદિકો હી જીવનકા ઉદ્દેશ માનતે થે, ઔર ઉસી ઉદ્દેશસે સબ પ્રવૃત્તિ કરતે થે; સ્વામીજીએ તે પ્રવૃત્તિને નગણ્ય નથી કહી; ઉસસે પુણ્ય અવશ્ય હોતા હૈ, પરંતુ જો ધ્યેય મુક્તિ પ્રાપ્તિ હૈ ઉસકે લિયે યે પુણ્ય માર્ગ નહીં હૈ. પુણ્ય આપણને સ્વર્ગમાં લઈ જશે, પરંતુ શાશ્વત સુખરૂપ મોક્ષમાં તે નહીં લઈ જાય. યહ સમઝકર અપનેકો શાશ્વતસુખકી દ્રષ્ટિ રખના ચાહિએ–ઐસા સ્વામીજીકા કહના હૈ.

આજ યહ દ્રષ્ટિ હમકો સ્વામીજીને દીં; યહ દ્રષ્ટિ હમેં ભગવાન મહાવીરકો ઔર ભગવાન કુંદકુંદકો સમઝનેમેં સહાયક હોગી.

૭૦ વર્ષકે મેરે જીવનમેં ૩૦–૩૫ વર્ષસે મૈં સ્વામીજીનું નામ સાંભળ્યું અને તેમના સંબંધમાં બધી પરિસ્થિતિ જાણતો રહું છું. આપકે બારેમેં સમાજને બહુત સોચા, બહુત ઉહાપોહ હુઆ, પરંતુ અંતમેં એક અવાજસે હમ સબને સ્વીકાર કિયા કિ–સત્ય તો યહી હૈ જો મહારાજ કહતે હૈ

મહારાજ! આપ સમ્યગ્દર્શનકા હી ઉપદેશ દેતે હૈ. આપકા યહ ઉપદેશ કિતનેકો સમ્યગ્દ્રષ્ટિ આજ બનાયેંગે યા કલ સમ્યગ્દ્રષ્ટિ બનનેમેં ઈસસે સહાયતા મિલેગી! મેરી ભી યહી ચાહ હૈ કિ કમસે કમ ગુરુદેવસે હમકો સમ્યગ્દર્શન પ્રાપ્ત હો. યહી આપકા બડા ઉપકાર હૈ. અરિહન્તદેવકી પૂજામેં ભી હમ યહી રચના કરતે હૈં, ઔર આજ સ્વામીજીસે ભી મૈં યહી પ્રાર્થના કરતા હૂં કિ મુઝે ભી સમ્યગ્દર્શન પ્રાપ્ત હો.

ગુરુદેવ પ્રત્યે લાગણીપૂર્વક શાહૂજીએ કહ્યું: મહારાજ! આપકી સામને બૈઠકર મૈં કોશીશ કરતા હૂં, પરંતુ અબતક મૈં સમ્યગ્દ્રષ્ટિ નહીં બન શકા. મૈં આપસે યહી બારબાર યાચના કરતા હૂં, ઔર યહી આપકે સામને બૈઠકર સોચા કરતા હૂં કિ મહારાજજી જો કહતે હૈ ઐસા સમ્યગ્દર્શન મુઝે કૈસે પ્રાપ્ત હો.

આપ લોગોંમેસે બહોતોંકો સમ્યગ્દર્શન આયા હોગા! મુઝે માલૂમ નહીં કિતનેમેં આયા? લેકિન જિનકો આયા–આપકી વાણીકે પ્રભાવસે હી આયા, ઔર ઈસી વાણીએ હમ ભી એક દિન સમ્યગ્દ્રષ્ટિ બન જાયેંગે! આપ હમેં બરાબર યહ ઉપદેશ વારંવાર દેતે રહે; ક્યોંકિ રસ્સીકે બારબાર ઘિસનેસે એક પત્થર ભી અંતમેં ઘિસ જાતા હૈ, તો આપકે ઉપદેશસે હમ ભી જરૂર એક દિન સમ્યગ્દર્શન પ્રાપ્ત કરેંગે! ઐસા નહીં કરેં તો હમ ઉસ બછડેમેંસે ભી જાયેંગે. (છૂટકારાના પ્રસંગે વાછડાને પણ ઉત્સાહ આવે છે ને તેને તારા છૂટકારાની વાત સંતો સંભળાવે તે સાંભળતા જો ઉલ્લાસ ન આવે તો તું વાછડામાંથી જઈશ. એ વાત પ્રવચનમાં આવેલી, તેનો ઉલ્લેખ કરીને શાહુજીએ આ વાત કરી.)

અબ તક હમારા મિથ્યાત્વ નહીં મિટા, પરંતુ મુઝે વિશ્વાસ હૈ કિ એક દિન હમારા ભી મિથ્યાત્વ મિટ જાયગા. આપકી વાણીસે, આપકે દર્શનસે, આપકે વિચારોસે, ઔર આપકી ઉપસ્થિતિસે મેરા ઔર સંસારકા મિથ્યાત્વ કમ હોગા ઔર હમેં સમ્યગ્દર્શન હોગા, ઈસલિયે મેરી પ્રાર્થના હૈ કિ આપ શતશત વર્ષતક જીવો. મેરી ઔર સમાજકી ઔરસે મૈં આજ જન્મજયંતીકે ઉપલક્ષમેં આપકો શ્રદ્ધાંજલિ અર્પણ કરતા હૂં. આપને જો રસ્તા બતાયા વહ ઉત્તમ હૈ, પરંતુ સોચનેકી બાત યહ હૈ કિ હમારે બચ્ચોંકો કિસ પ્રકાર ઈસ રાસ્તે પર લાયા જાય.

મૈં અપનેકો બહુત ભાગ્યશાળી સમઝતા હૂં કિ, જબ આપ યહ ઉપદેશ કે રહે હો ઉસી કાલમેં ઔર ઈસી દેશમેં મેરા જન્મ હુઆ. ઔર મુઝે યહ સુનનેકા અવસર બારબાર મિલ રહા હૈ. આપકે પ્રવચન ધ્યાનસે સુનતા હૂં, ઉસમેં ઔર આત્માકી ભિન્નતા તો સમઝતા હૂં કિન્તુ ઉસમેં જૈસા આનંદ આપકો આતા હૈ, જૈસા અનુભવ આપકો હોતા હૈ વૈસા આનંદ મુઝે નહીં હો પાતા! ફિર ભી મૈં જીવન ઐસા હી બનાના ચાહતા હૂં–ઉસકે લિયે આપકે આશીર્વાદકે સિવાય ઔર કોઈ રાસ્તા નહીં દિખતા. અતઃ આપ આશીર્વાદ દીજિયે–એમ કહીને ગુરુદેવના ચરણોમાં નમસ્કાર કરીને શાહુજીએ પોતાનું પ્રવચન પૂરું કર્યું. ને ગુરુદેવે તેમને આશીર્વાદ આપ્યા.

શાહુજીનું ભાવભીનું પ્રવચન સાંભળીને દશબાર હજાર સભાજનો ઘણા પ્રસન્ન થયા હતા. પ્રવચન બાદ શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહુએ ગુરુદેવની ૮૩ મી જન્મજયંતીના હર્ષોપલક્ષમાં પોતાના તરફથી ૮૩ ની એકસો રકમ ( કુલ રૂા. ૮૩૦૦ અર્પણ કર્યાં હતા.

ત્યારબાદ મહાસભાના મંત્રી શ્રી પરસાદીલાલજી પાટની (દીલ્હી) એ શ્રદ્ધાંજલિમાં કહ્યું કે સ્વામીજી આત્માનું એવું સ્વરૂપ સમજાવે છે કે અત્યારે દુનિયામાં શોધતાં ( આત્માનું આવું સ્વરૂપ સમજાવનારા ) બીજું કોઈ જડતું નથી.

સુરતના ‘જૈનમિત્ર’ ના સંપાદક શ્રી મૂલચંદ કિસનદાસ કાપડિયાજીએ ૯૦ વર્ષની વયોવૃદ્ધ ઉમરે પોતાની જુસ્સાદાર શૈલીમાં, પૂ. કાનજીસ્વામી દ્વારા થઈ રહેલી અજબ–ગજબની પ્રભાવનાનું વર્ણન કર્યું, અને કહ્યું કે જૈનોંકે રાજા શાહુજીને જો થા, વે ભી કાનજીસ્વામીકો અભિનંદ કરતે થે ઔર આજ જૈનોંકે યહ રાજા શાહુજીને ભી સ્વામીજીકા સન્માન કિયા હૈ।

વિશેષમાં કાપડિયાજીએ કહ્યું કે–સમ્યગ્દર્શન જેવા અધ્યાત્મ વિષય ઉપર આપ મહિનાઓ સુધી બોલી શકો છો; 'સમજાય છે કાંઈ ? –એમ કહેતાં કહેતાં આપ સમજાવો છે. ત્યારે આપની વાણી સાંભળતા ને આપનું મુખ જોતાં અમને આનંદ આનંદ થાય છે. હસતાં–હસતાં આપ બધું સમજાવો છે. આપની છબીમાં, આપની મુદ્રામાં કોઈ અજબ ચમત્કાર છે; ને સમયસાર–નિયમસાર–પ્રવચસાર–અષ્ટપાહુડ જેવા ગ્રંથો તો આપના મગજમાં ભર્યા છે. ૩૫ વર્ષમાં આપે દિગંબર જૈનસમાજમાં અજબ ચમત્કાર સર્જ્યો છે! લાખો જીવોને દિગંબર જૈન બનાવીને ગજબ પ્રભાવના કરી છે. દેખો તો સહી, આ નાનકડા ફત્તેપુરમાં કેટલા માણસો આવ્યા છે! ઊતર–દક્ષિણ–પૂર્વ–પશ્ચિમ બધી દિશામાંથી બડા બડા લોકો અહીં આવ્યા છે! ફત્તેપુરમાં તો ફતેહનાં પૂર આવ્યા છે. આ નાના ફત્તેપુરમાં આપની ૮૩મી જન્મજયંતી જે ઢંગથી ઉજવાણી તે અત્યાર સુધીની જન્મજયંતીમાં સૌથી મહાન છે. (સોનગઢમાં ઉજવાયેલી ૫૯મી જન્મજયંતી તો કોઈ અનેરા ઉમંગવાળી હતી!) મૈં મહારાજજીકો શ્રદ્ધાંજલિ અર્પણ કરતા હૂં, "જૈનમિત્ર" સુરતથી ૭૦ વર્ષથી નીકળે છે, તથા "જૈનમહિલાદશા" અને "દિગંબરજૈન" પણ સુરતથી નીકળે છે; એ ત્રણે પત્રોના સમસ્ત પરિવાર તરફથી, તેમજ આપણા બધા તરફથી હું શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું અને ભાવના ભાવું છું કે તેમના દ્વારા સદાય ધર્મકી પ્રભાવના હોતી રહે.

કારંજા (મહારાષ્ટ્ર) ના શેઠશ્રી ઋષભદાસજી ચવરેના સુપુત્રે ગુરુદેવને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું–આજ હમારે બડે ભાગ્યકા દિન હૈ જો ઐસે મહાપુરુષકી જન્મજયંતી મનાનેકાં હમેં આવસર મિલા. બે વર્ષ પહેલાં શિરપુર (અંતરીક્ષ પાર્શ્વનાથ) માં પંચકલ્યાણક પ્રતિષ્ઠા થઈ ત્યારે સ્વામીજીનું પ્રવચન સાંભળ્યું હતું. અમને નવી દિશા મળી. ગુજરાતકી ભૂમિને ભારતકો નેમિનાથ તીર્થંકર દિયા; ઔર ફિર આજ ભારતકો કાનજીસ્વામી જૈસા મહાત્મા ભી ઈસી ગુજરાત (સૌરાષ્ટ્ર) ને હી દિયા. પહેલે વિદ્વાન લોગ યા ભટ્ટારક લોગ સમયસારકો હમસે છિપાતે થે, હમેં દેખને ભી નહીં દેતે; કિન્તુ આજ સ્વામીજીને ઉસ સમયસારકો ઘરઘર પહુંચાયા, હમારે હાથમેં દિયા ઔર ઉસકી વાણી હમારે કાનોં તક લાકર રહસ્ય હમારે હૃદયમેં પહુંચાયા. આપકા જિતના ભી ઉપકાર માનેં વહ કમ હૈ. મૈં મહારાષ્ટ્રકી ઓરસે સ્વામીજીકો શ્રદ્ધાંજલિ અર્પણ કરતા હૂં.

ગૌહત્તી આસામના ભાઈશ્રી નેમિચંદજીએ કહ્યું કે જગતમાં જન્મજયંતી ઘણાની મનાય છે, પરંતુ સાચી જન્મજયંતી તો તેની મનાય છે કે જેણે આત્માની

સાધના વડે જન્મમરણનો અંત કર્યો હોય. પૂ. મહારાજશ્રીએ આપણને જન્મ–મરણના અંતનો ઉપાય બતાવ્યો છે. તે સમજીને આપણે ફરી જન્મ ન લેવો પડે એવું કરીએ તો ગુરુદેવની સાચી જયંતી ઉજવી કહેવાય.

ફત્તેપુરના ભાઈશ્રી બાબુભાઈ એ પણ જોશદાર ભાષામાં ગુરુદેવનો મહિમા કરીને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું હતું કે આજ અમારું ફત્તેપુર ધન્ય બન્યું, ગુજરાત ધન્ય બન્યું, આપણે સૌ ધન્ય બન્યા! ગુરુદેવ વિદેહથી અહીં ન અવતર્યા હોત તો આપણને સાચો માર્ગ કોણ બતાવત? મિથ્યામાર્ગમાંથી છોડાવીને ગુરુદેવે આપણને સાચો જૈનધર્મ સમજાવ્યો છે, ભગવાનનું સ્વરૂપ ને દિગંબરમુનિઓનું સ્વરૂપ ગુરુદેવે જ આપણને સમજાવ્યું છે. તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

આ ઉપરાંત બીજા કેટલાય મહાનુભાવો–વિદ્વાનો–કવિઓ શ્રદ્ધાંજલિ આપવા આતૂર હતા, પણ પંચકલ્યાણક સંબંધી કાર્યક્રમો ચાલુ હોવાથી વિશેષ સમય મળી શક્યો ન હતો.

## * પંચકલ્યાણક અને અધ્યાત્મચર્ચા *

ફત્તેપુરમાં પંચકલ્યાણક વખતે અધ્યાત્મચર્ચાઓ કેવી પ્રભાવશાળી હતી તે બાબતમાં ‘સન્મતિસન્દેશ’ પત્ર લખે છે કે પંચકલ્યાણક કે દ્રશ્ય ઈતને ભવ્ય ઔર પ્રભાવશાળી હોતે થે કિ જિન્હેં દેખકર જનતા ગદગદ હો ઉઠતી થી. ગર્ભકલ્યાણકમેં જબ દેવિયાં ભગવાનકી માતાસે પ્રશ્ન–ઉત્તર કરતી થી વે ઈતને ગંભીર ઔર દાર્શનિક હોતે થે કિ જિસે સુનકર જનતા નવીન પ્રેરણા પ્રાપ્ત કરતી થી. જન્મકલ્યાણકકે પૂર્વમેં ઇન્દ્રકી સભા ભી આધ્યાત્મિક ચર્ચાસે ઓતપ્રોત થી–જિસે સુનકર ઐસા લગતા થા કી ઇન્દ્રગુણ અપૂર્વ આત્માનુભૂતિકા રસાસ્વાદન લે રહે હૈ, ઉસીકા અનુભૂતરસ ચર્ચામેં બરસ રહા હૈ રાજયાભિષેકકે બાદ રાજાઓંકી ધર્મચર્ચા અપૂર્વ અમૃતરસકી વર્ષા કર રહી થી તપકલ્યાણકમેં બારહ ભાવનાઓંકા ચિંતન ઔર લૌકાંતિક દેવોંકા સંબોધન સંસારી જીવોંકો સંસાર–શરીર–ભોગોંસે ઉદાસીનતાકા પ્રેરણાસ્ત્રોત પ્રવાહિત કર રહા થા. (આત્મધર્મના સંપાદક દ્વારા લખાયેલા આ બધા અધ્યાત્મ–સંવાદોનું રસાસ્વાદન આત્મધર્મ દ્વારા આપને થશે.)

# ફત્તેપુર પછી બામણવાડાથી ભાવનગર સુધીનાં પ્રવચનોની પ્રસાદી

સમ્યગ્દ્રષ્ટિ ક્યાં છે?

સમ્યગ્દ્રષ્ટિ કોઈ સંયોગમાં નથી, સમ્યગ્દ્રષ્ટિ કોઈ રાગમાં નથી, સંયોગથી અને રાગથી જુદા, પોતાના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયમાં જ સમ્યગ્દ્રષ્ટિ છે. પોતાના શુદ્ધ દ્રવ્ય –ગુણ–પર્યાયમાં રાગને કે સંયોગને ધર્મી જીવન સ્વીકારતા નથી. રાગનું જે જ્ઞાન છે તેમાં ધર્મી તન્મય છે, પણ રાગમાં ધર્મી તન્મય નથી. રાગ ને જ્ઞાનની આવી ભિન્નતા વડે ધર્મી જીવ ઓળખાય છે.

અહા, ધર્મીની અનુભૂતિમાં સમ્યગ્દર્શન સાથે અતીન્દ્રિય આનંદ તો ખરો, ને અનંત ગુણની નિર્મળ પર્યાયનો સ્વાદ તેમાં એકસાથે સમાય છે. પણ રાગનો કોઈ કણ તેમાં સમાય નહિ કેમકે રાગને ચેતનસ્વભાવપણું નથી. ચૈતન્યનું કોઈ પણ કિરણ રાગરૂપ ન હોય.

શરીર તો આત્માની જાત નથી, તે તો જડ છે, આત્માથી જુદું છે; એટલે તે તો આત્માના ધર્મનું સાધન નથી. હવે પાપ અને પુણ્યના જે ભાવો છે તે પણ કાંઈ જ્ઞાનની જાત નથી, તે જ્ઞાનથી વિરુધ્ધ જાત છે, તેથી તે પણ આત્માના ધર્મનું સાધન નથી. પુણ્ય–પાપ તે તો બંને દુઃખના જ કારણ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે કદી દુઃખનું કારણ નથી. જ્ઞાનનું વેદન તો સુખ અને આનંદરૂપ છે. આ રીતે જ્ઞાનને અને પુણ્ય–પાપને ભિન્નતા છે. તેથી પુણ્ય–પાપ તે જ્ઞાનનું કાર્ય નથી. આવું ભેદ જ્ઞાન તે મોક્ષનું કારણ છે.

પુણ્ય કરીને સ્વર્ગમાં જવું તે કાંઈ વિશેષતા નથી. મનુષ્ય કરતાંય સ્વર્ગના ભવ જીવે અસંખ્યગુણા કાર્ય છે. હવે મનુષ્ય કરતાં સ્વર્ગના ભવ અસંખ્યગણા ક્યારે થાય? મનુષ્યમાંથી સ્વર્ગમાં જાય તેથી કાંઈ સ્વર્ગના ભવ અસંખ્યગણા ન થાય. કેમકે સ્વર્ગ કરતાં મનુષ્યના જીવોની સંખ્યા ઘણી થોડી છે. તિર્યંચના જીવોની સંખ્યા દેવો કરતાં વધુ છે. એટલે મનુષ્ય કરતાં તિર્યંચમાંથી સ્વર્ગમાં જનાર જીવો અસંખ્યગુણા

છે. તિર્યંચ ગતિમાંથી પણ પુણ્ય કરીને અનંતવાર જીવ સ્વર્ગમાં ગયો. મનુષ્યમાંથી અનંતવાર સ્વર્ગમાં ગયો તેના કરતાંય તિર્યંચમાંથી સ્વર્ગમાં અસંખ્યગુણા અનંતવાર ગયો. આ રીતે અનંતવાર જીવે પુણ્ય કર્યાં ને સ્વર્ગમાં ગયો, તેમજ અનંતવાર પાપ કર્યાં ને નરકમાં ગયો; પણ એ પુણ્ય અને પાપ બંનેથી પાર ચૈતન્યચીજ પોતે કોણ છે તેનું ભાન પૂર્વે કદી ન કર્યું તેથી ચારગતિના ભ્રમણમાંથી છૂટકારો ન થયો.

આ આત્મા અતીન્દ્રિય આનંદની ચૈતન્યશીલા છે..... જેમ બરફની મોટી શિલા ચારેકોર ઠંડકથી ભરી હોય, તેમ આ ચૈતન્યતરફની શિલા પરમ શાંતરસથી ભરેલી છે; તેમાં કષાયની આકુળતાનો પ્રવેશ નથી. આવી ચૈતન્યની શાંતિનું વેદન તે અપૂર્વ ચીજ છે, અને આવા શાંતરસને વેદનારા જ્ઞાનવડે બંધન અટકીને મુક્તિ થાય છે.

જેનાથી આત્માની શાંતિ ન મળે ને ભવદુઃખનો અંત ન આવે તેની કાંઈ કિંમત ધર્મમાં નથી. પાપ અને પુણ્ય એ કાંઈ નવી ચીજ નથી, એ તો સંસારી જીવ અનાદિથી કરી જ રહ્યો છે. એ બંનેથી પાર ચૈતન્યચીજ છે તેનું ભાન કરવું, તેનો અનુભવ કરવો તે અપૂર્વ ચીજ છે.

અહા, ધગધગતા તાપમાં શીતળ પાણીના સરોવરમાં ડુબકી મારે અને તેને ઠંડક અનુભવાય, તેમ આ સંસારમાં અજ્ઞાન અને કષાયના તાપમાં બળતો અજ્ઞાની જીવ, ચૈતન્યતત્ત્વનું ભાન કરીને શાંત ચૈતન્યસરોવરમાં જ્યાં ડુબકી મારે છે ત્યાં તેને અપૂર્વ શાંતિ અનુભવાય છે; અહા! ચૈતન્યની જે પરમ અતીન્દ્રિય શાંતિનું તેને વેદન થાય છે. તેનો અંશ પણ સંસારના રાજપદમાં કે ઇન્દ્રપદના વૈભવમાં નથી. આવા શાંતરસના સમુદ્રમાં ડુબકી મારીને તેમાં લીન થયેલા મુનિવરો બહારના કોઇ ઉપસર્ગથી ડગતા નથી ધર્મી જીવ પણ ગમે તેવા અનુકૂળ–પ્રતિકૂળ સંયોગ વચ્ચે પોતાના ચૈતન્ય તત્ત્વની શાંતિને ચૂકતા નથી. જેમ સોનું અગ્નિમાં તપે છતાં સોનું જ રહે છે, તેમ સંયોગ અને રાગ–દ્વેષ વચ્ચે પણ જ્ઞાનીનું જ્ઞાન તો જ્ઞાન જ રહે છે. આવા જ્ઞાનતત્ત્વની અનુભૂતિ ધર્મીને સદાય વર્તે છે, ને તે જ મોક્ષનું સાધન છે.

આસ્રવો ( પુણ્ય–પાપ ) તે કાંઈ આસ્રવોને જાણતા નથી; આસ્રવોથી જુદું જ્ઞાન જ આસ્રવોને આસ્રવરૂપે જાણે છે, જો આસ્રવને જ્ઞાનનું કાર્ય માને તો તે જીવ જ્ઞાનને અને આસ્રવોને એક માન્યા, તે અજ્ઞાનભાવે રાગાદિ કાર્યનો કર્તા થઈને આસ્રવને કરે છે. ધર્મી જીવ તો પોતાને રાગાદિ આસ્રવોથી તદ્ન જુદા એવા જ્ઞાનસ્વભાવરૂપે જ અનુભવે છે, એટલે તે જ્ઞાનભાવે રાગાદિનો જરાપણ કર્તા થતો નથી, એટલે તેના જ્ઞાનમાં આસ્રવનો ત્યાગ છે; ને સંવર–નિર્જરારૂપે જ્ઞાન વર્તે છે, તે મોક્ષનું કારણ છે.

આવા જ્ઞાનરૂપ થયેલા ધર્મીને ચૈતન્યના આનંદની એવી ખુમારી હોય છે કે, દુનિયા કેમ રાજી થશે ને દુનિયા મારા માટે શું બોલશે–તે જોવા રોકાતા નથી; લોકલાજ છોડીને એ તો પોતાના ચૈતન્યની સાધનામાં મશગુલ છે. ચૈતન્યના અનુભવથી જે ખુમારી ચડી તે કદી ઊતરે નહિ.

જેમ અંધારાને દેખનાર પોતે અંધારું નથી, અંધારાને દેખનારો અંધારાથી જુદો છે; તેમ રાગાદિ પરભાવો અંધારા જેવા છે, તે રાગને જાણનાર પોતે રાગ નથી, રાગને જાણનારો રાગથી જુદો છે. આમ જ્ઞાન અને રાગનું જુદાપણું જાણવું જોઈએ.

આત્માના ચૈતન્યભાવના વેદનમાં સુખ છે, રાગના વેદનમાં દુઃખ છે. માટે દુઃખરૂપ એવા જે રાગાદિ આસ્રવો, તેનાથી જ્ઞાન જુંદુ છે, તે જ્ઞાનના વેદનમાં આસ્રવનો અભાવ છે. આ રીતે જ્ઞાન વડે જ સુખનો અનુભવ, અને દુઃખનો અભાવ થાય છે. બીજી કોઈ રીતે સુખની પ્રાપ્તિ ને દુઃખથી છૂટકારો ન થાય.

રાગ, પછી ભલે તે શુભ હો, તે દુઃખનું જ કારણ છે, તો તેના વડે સુખની પ્રાપ્તિ કેમ થાય? રાગનો જેમાં અભાવ છે એવા જ્ઞાનવડે જ સુખની પ્રાપ્તિ થાય છે.

અરે જીવ! શુભરાગના સાધનથી પાર કોઈ બીજું તારા આત્મહિતનું સાધન છે –તેનો તું વિચાર કેમ નથી કરતો? શુભરાગ તો તેં અનાદિકાળથી કર્યો; ક્ષણે અશુભ ને ક્ષણે શુભ–એમ અનંતવાર શુભ–અશુભ કરીકરીને સ્વર્ગમાં ને નરકમાં અનંતવાર ગયો, છતાં તારું હિત જરાય કેમ ન થયું? માટે સમજ કે તે શુભાશુભથી જાદું સાધન છે, તે જ્ઞાનમય છે. જ્ઞાનની જાત નથી, તેમ શુભરાગ પણ જ્ઞાનની જાત નથી, જુદી જાત છે. આવા જ્ઞાનસ્વરૂપ આત્માનો ઓળખવો, ને રાગથી ભિન્ન જ્ઞાનપણે આત્માનું વેદન કરવું તે જ હિત છે, તે જ મોક્ષનું સાધન છે. આ સાધનને ભૂલીને બીજા ગમે તેટલા સાધન (શુભરાગ) કરે તેનાથી જીવનું જરાય હિત ન થાય ને તેનાં જન્મ–મરણનાં દુઃખનો આરો ન આવે.

કરણશક્તિવાળું તારું જ્ઞાન જ તારા હિતનું સાધન છે, એનાથી જુદા બીજા કોઈ સાધનની જરૂર નથી. અરે, તું પોતે જ્ઞાનસ્વરૂપ, અને તારું સાધન રાગ હોય? તારા જ્ઞાનની અનુભૂતિ રાગની પ્રક્રિયાથી પાર છે, રાગનાં કારકો કે વિકલ્પરૂપ કારકો તેમાં નથી. જેમ આકાશની વચ્ચે અધ્ધર અમૃતનો કુવો હોય તેમ તારું ચૈતન્યગગન,

નિરાલંબી, તે આનંદના અમૃતથી ભરેલું છે. એકવાર એનો સ્વાદ તો ચાખ! તો રાગને સાધન માનવાની તારી બુદ્ધિ છૂટી જશે.

અરે, રાગથી પાર ચૈતન્યની અમૃત જેવી મીઠી વાત, સંતો સંભળાવે છે, વીતરાગની એ વાણી ચૈતન્યના પરમ શાંત વીતરાગરસને બતાવનારી છે; અને ભવરોગ મટાડવાનું તે અમોઘ શસ્ત્ર છે...... પણ રાગમાં લીન થયેલા કાયરજીવોને તે પ્રતિકૂળ લાગે છે. છે તો પરમ હિતકર, પણ રાગની રુચિવાળાને તે વીતરાગવાણી ગમતી નથી.

બાપુ! તારા હિતની આ વીતરાગી ઔષધિ છે. વૈદ કાંઈ એમ બંધાયેલ નથી કે દરદીને મીઠી દવા આપે! મીઠી દવા આપે કે કડવી, પણ રોગ મટાડે એવી દવા આપે તે વૈદનું કામ છે. તેમ વીતરાગી સંતો રાગની મીઠાશ છોડાવીને વીતરાગી ઔષધ વડે ભવરોગ મટાડે છે.

અજ્ઞાની ઉપદેશકો મીઠી મીઠી વાત કરીને રાગની પ્રશંસા કરે, શુભરાગ કરે ત્યાં ઘણું કર્યું એમ બતાવે, ત્યાં અજ્ઞાનીને મીઠાશ લાગી જાય છે કે આ સારી વાત કરે છે. પણ બાપુ! એ રાગની મીઠાશ તારો ભવરોગ નહિ મટાડે; એ તો તારું અહિત કરનારી વાત છે. ને સંતો શુભરાગનોય નિષેધ કરીને, રાગ વગરનો વીતરાગી મોક્ષમાર્ગ બતાવે છે, ને ચૈતન્યના આશ્રય સિવાય બીજા બધાનો આશ્રય છોડાવે છે. ત્યાં કાયર જીવોને તે વાત કડક ને કડવી લાગે છે, પણ બાપુ! એ વાત તારું પરમ હિત કરનારી છે, તારો ભવરોગ મટાડવા માટે એ જ સાચી દવા છે; વીતરાગનાં પરમશાંત રસ ભરેલા વચનો જ આવો નિરપેક્ષ મોક્ષમાર્ગ બતાવી શકે. આવો માર્ગ કાયર જીવો એટલે રાગની રુચિવાળા જીવો સાધી શકતા નથી; એ વીતરાગ માર્ગને સાધવો તે તો વીરનું કામ છે. ‘હરિનો મારગ છે શૂરાનો..... નહીં કાયરનું કામ.’

શિષ્ય કહે છે કે મેં સાવધાન થઈને એટલે રાગથી જુદા પાડીને જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને, મારા જ્ઞાનસ્વરૂપ પરમેશ્વર, આત્માને સ્વસંવેદન પ્રત્યક્ષથી અનુભવ્યો; મારા ગુરુએ કૃપા કરીને મને આવી સાવધાનીનો જ ઉપદેશ દીધો હતો. જેવો ઉપદેશ દીધો હતો તેવો મારા અનુભવમાં આવ્યો. આમ ગુરુ અને શિષ્ય બંનેની અપૂર્વ સંધિ છે. ગુરુએ ઉપદેશમાં શું કહ્યું? કે શિષ્યે જેવું અનુભવ્યું તેવું ગુરુએ કહ્યું હતું; શિષ્યે શું અનુભવ્યું? કે ગુરુએ ઉપદેશમાં જેવો શુદ્ધ આત્મા કહ્યો હતો તેવો જ શિષ્યે અનુભવ્યો. ઉપદેશ દેનારા ગુરુ કેવા હોય તે પણ આમાં આવી ગયું.

જુઓ, અહીં ( ઇંદોરના ) કાચના જિનમંદિરમાં લખ્યું છે કે–

ચક્રવર્તીકી સંપદા ઇન્દ્ર સરીખા ભોગ,
કાગવીઠ સમ ગિતને હૈં સમ્યગ્દ્રષ્ટિ લોગ.

અરે, ચૈતન્યના વૈભવ પાસે આ બહારના વૈભવની શી ગણતરી ? સમ્યગ્દ્રષ્ટિ તો એને કાગડાની વિષ્ટા સમાન ગણે છે, –તેમાં સ્વપ્નેય સુખ માનતા નથી. તો તે રાગથી જે ભાવથી મળી એવા શુભરાગને તે ભલો કેમ માને ? શુભરાગને હેય કહેતાં અજ્ઞાની લોકો ભડકે છે–પણ બાપુ ! રાગથી પાર તારી મહાન ચૈતન્યસંપદા કેવી અદ્ભૂત અલૌકિક છે એને એકવાર તું લક્ષમાં તો લે ! એને લક્ષમાં લેતાં ચૈતન્ય સંપદાના મહાન આનંદ પાસે રાગ તને વિષ્ઠા જેવો હેય લાગશે. રાગને હેય કહીને સંતો તને તારી વીતરાગી ચૈતન્યસંપદા બતાવે છે.

જે ધર્મી થયો તે એમ જાણે છે કે, પહેલાં તો મારા સ્વરૂપને ભૂલીને હું મોહથી ઉન્મત્ત હતો, સ્વ–પરનું મને કાંઈ ભાન ન હતું; હવે ગુરુઉપદેશ વડે સાવધાન થઈને, મોહરહિત થઈને મેં સ્વસંવેદન પ્રત્યક્ષ વડે મારા જ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવ્યો છે, મહાન જ્ઞાનપ્રકાશ મને ખીલ્યો છે, તેથી મારા પરમેશ્વર આત્માને મેં મારામાં જ દેખી લીધો છે.

વિરક્તગુરુ, એટલે રાગથી ભિન્ન આત્માને અનુભવનારા જ્ઞાની સંતે આવો શુદ્ધ આત્મા સમજાવ્યો; અને શિષ્યે પણ વિરક્ત થઈને, એટલે રાગથી છૂટો પડીને પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવમાં લીધો. ત્યાં તેને ભાન થયું કે અહા ! આવો પરમેશ્વર હું છું–તે મને શ્રીગુરુએ બતાવ્યું. પોતાના અનુભવમાં આવ્યું ત્યારે ખરી ખબર પડી કે અહા, આવું આનંદમય ગંભીર ચૈતન્યતત્ત્વ મારા ગુરુ મને વારંવાર કહેતા હતા.

આવો આત્મા અનુભવમાં લેવો હોય તો અંદર કેટલી ધગશ જોઈએ ! જેમ કુતરાને કાનમાં કીડા પડયા હોય ને તેને ક્યાંય ચેન ન પડે, તેમ આત્માની ધગશવાળા જીવને આત્માની અનુભૂતિ સિવાય બીજા કોઈ પરભાવરૂપી કીડામાં ક્યાંય ચેન પડે નહિ...... પોતાના એક ચૈતન્યની જ તેને ધૂન લાગે. શ્રીગુરુએ જ્યાં શુદ્ધ આત્મા બતાવીને કહ્યું કે આવો પરમેશ્વર તું છો...... તેને તું અનુભવમાં લે, આવી વાત કાને પડતાં જ ( અંદર ઘા લાગી ગયો.... ને નિરંતર તેની અનુભવ માટેની ધૂન લાગી. પછી )

દુનિયા મારે માટે શું માનશે ને શું કહેશે–એ જોવા તે રોકતો નથી. દુનિયા દુનિયાના ઘરે રહી, આ તો દુનિયાને એકકોર મૂકીને પોતે પોતાનું આત્મહિત કરવાની વાત છે. જેને આત્માની ધૂન જાગે તેને દુનિયાનો રસ છૂટી જાય ને ચૈતન્યના રસનો સ્વાદ લેવામાં તેનો ઉપયોગ વળે. અહા, સંસારના બીજા બધા રસોથી જુદો અત્યંત મધુર ચૈતન્યરસ ધર્મી જીવ પોતામાં અનુભવે છે. પહેલાં, નયનની આળસે મેં હરિને નહોતો દેખ્યો, હવે ભ્રમ દૂર થયો ને ચૈતન્યચક્ષુ ખુલ્યા, ત્યાં ભગવાન ચૈતન્યમુમુક્ષુને મેં મારા જ દેખ્યો. અહા, મારું ચૈતન્યતત્ત્વ, રાગથી પાર શાંતિથી છલોછલ ભરેલું તે મારા અંતરમાં મને પ્રાપ્ત થયું. જગત પણ આવા પરમ શાંતરસના સમુદ્રને દેખો.... તેમાં નિમગ્ન થાઓ.

## વિહારના સમાચાર
## ( ફત્તેપુરથી સોનગઢ )

ફત્તેપુર–ઉત્સવના કેટલાક સમાચાર આપે ગતાંકમાં વાંચ્યા; બાકીના સમાચાર આપે આ અંકમા વાંચ્યા, ફત્તેપુર પછી ગુજરાત છોડીને રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં થઈને પુનઃ સૌરાષ્ટ્ર અને સોનગઢમાં જેઠ સુદ ત્રીજે પૂ. ગુરુદેવ પધાર્યા છે. અહીં ફત્તેપુરથી સોનગઢ સુધીનો અહેવાલ ટૂંકમાં આપીએ છીએ.

વૈશાખ સુદ પાંચમે ફત્તેપુરથી પ્રસ્થાન કરી, રામપુરમાં જિનબિંબની વેદી પ્રતિષ્ઠા કરી, પછી બામણવાડામાં પણ બીજે દિવસે જિનબિંબની વેદીપ્રતિષ્ઠા કરી. આમ માત્ર ચાર દિવસમાં ત્રણ ગામમાં જિનબિંબપ્રતિષ્ઠા કરી. પછી વૈશાખ સુદ સાતમે બામણવાડાથી ઉદેપુર આવતાં, ગુજરાત રાજયની હદ છોડીને રાજસ્થાનમાં પ્રવેશ કર્યો.

ઉદેપુરમાં ચાર દિવસ રહ્યા. વૈશાખ સુદ આઠમના રોજ જિનમંદિર સામેના સ્વાધ્યાય મંદિરનું ઉદ્ઘાટન ગૌહત્તીના ભાઈશ્રી નેમિચંદજી શેઠના સુહસ્તે થયું; નોમના રોજ અજમેરના કલાપૂર્ણ રથસહિત ભવ્ય રથયાત્રા નીકળી હતી. પ્રચવનમાં સ. ગાથા ૭૨ વંચાણી હતી. બાળકોએ મહારાણી ચેલણાનું ધાર્મિકભાવનાભરપૂર નાટક કર્યું હતુ. અનેક જિનમંદિરમાં દર્શન કર્યાં.

વૈશાખ સુદ ૧૧ કુરાવડ આવ્યા. વચ્ચે સાકરોદા ગામે જિનમંદિરમાં દર્શન કર્યાં. સાકરોદામાં ઘણા મુમુક્ષુઓ રહે છે. બ્ર. ઝમકલાલજી કુરાવડના છે. અહીં નવા સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન થયું તેમજ વીતરાગવિજ્ઞાન પાઠશાળાનું પણ ઉદ્‌ઘાટન થયું. મુમુક્ષુઓનો ઉત્સાહ સારો હતો. બે જિનમંદિરોમાં દર્શન કર્યાં. બે દિવસ કુરાવડ રહીને મંદસૌર આવ્યા.

મંદસૌરમાં ચાર દિવસ રહ્યા. મુમુક્ષુઓમાં ઉલ્લાસ સારો હતો નવા તેમજ જુના મંદિરમાં દર્શન કર્યાં. અહીં પણ નવા સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન થયું. પ્રથમ શહેરથી બે માઈલ દૂર સરકીટ હાઉસના એકાંત વાતાવરણમાં ઊતર્યા હતા, પછી શહેરમાં સ્કૂલમાં ઉતર્યા હતા. ઘણા જિજ્ઞાસુઓએ લાભ લીધો હતો.

મંદસૌરથી પ્રતાપગઢ આવ્યા. પૂ. ગુરુદેવ પ્રતાપગઢ ( રાજસ્થાન ) પધારવાના પ્રસંગે ત્યાંના પં. શ્રી રામચંદ્રજીનો પ્રસન્નતા વ્યક્ત કરતો એક પત્ર આવેલ, તેમા લખે છે કે–“આપકો પ્રતાપગઢ પધારના હો રહા હૈ–યહ જાનકર હાર્દિક પ્રસન્નતા હુઈ ઔર પ્રતાપગઢમેં આપકે ઠહરનેકા સ્થાન શ્રી ભટ્ટારક યશકીર્તિ દિ. જૈન બોર્ડિંગમેં રખા ગયા હૈ યહ જાનકર વિશેષ પ્રસન્નતા હુઈ. જબ મૈં સીમંધર ભગવાનકી પ્રતિષ્ઠા કરાને સં. ૧૯૯૭ મેં સોનગઢ આયા થા તભી વહાંકા ઈસ સંસ્થામેં શ્રી ૧૦૦૮ સીમંધર ભગવાનકા જિનાલય બનવાયા હૈ, ઈસી મંદિરકે સામને માનસ્તંભ બનવાયા ગયા હૈ–જિસકી શિલાન્યાસવિધિ શ્રીમાન શેઠ એન. સી. જવેરીકે કરકમલ દ્વારા હુઈ થી.”

પ્રતાપગઢ લગભગ ૬૦ હજાર વસ્તીનું શહેર છે. પ્રાચીન શૈલીના ત્રણચાર મોટા મોટા વિશાળ જિનાલયો છે. તે ઉપરાંત જૈનબોર્ડિંગના મંદિરમાં લગભગ પાંચ ફૂટની સીમંધર ભગવાનની પ્રતિમા બિરાજે છે. તેમ જ તેની બાજુની વેદીમાં સીમંધર સ્વામીની એક નાનકડી ખડ્‌ગાસન પ્રતિમા પણ બિરાજે છે. પ્રતાપગઢ પહેલી જ વાર ગયેલા, ત્યાંના જિનાલયોના દર્શનથી અને સીમંધર પ્રભુના દર્શનથી આનંદ થયો. પ્રતાપગઢની જિજ્ઞાસુ જનતાએ પણ ચાર દિવસ આનંદથી લાભ લીધો. પ્રતાપગઢથી ત્રણ માઈલ દૂર ગામડામાં એક પ્રાચીન જિનાલયમાં બિરાજમાન વિશાળ જિનબિંબના દર્શનથી પણ આનંદ થયો.

પ્રતાપગઢથી ગુરુદેવ બડનગર પધારતાં ઉલ્લાસભર્યું ભવ્ય સ્વાગત થયું. અહીંનુ એક વિશાળ ગગનચૂંબી જિનમંદિર બહુ જ શોભી રહ્યું છે; બીજા પણ બે

જિનમંદિરો છે. માત્ર એક દિવસના કાર્યક્રમમાં જૈનસમાજે ઘણા ઉલ્લાસથી ભાગ લીધો. દરેક કાર્યક્રમમાં અહીંનો યુવાનવર્ગ જે ઉત્સાહથી રસ લેતો હતો તે દેખીને આનંદ થતો હતો કે વાહ! આજના સીનેમાયુગમાં પણ જૈનધર્મના રસિક આવા યુવાનો જાગ્યા છે તે જૈનસમાજને માટે મહાન ગૌરવની વાત છે..... ને તે અધ્યાત્મરસના પ્રેમી યુવાનો ધન્યવાદને પાત્ર છે. રાત્રે શેઠશ્રી દેવકુમારજીની અધ્યક્ષતામાં અભિનંદન સમારોહ હતો. તેમાં પૂ. ગુરુદેવ ઉપરાંત પૂ. બેનશ્રીબેન– ( ચંપાબેન અને શાંતાબેન ) ને પણ અભિનંદન પત્ર આપવામાં આવ્યા હતા.

બડનગરથી પ્રસ્થાન કરીને ઈન્દોર પધાર્યા. ઈન્દોરમાં પંદર હજાર જેટલા જૈનો અને પચીસ ઉપરાંત જિનંમદિરો છે. વિશાળ જિનાલયોના દર્શનથી આનંદ થાય છે. તેમાં પણ શ્રી હુકમીચંદજી શેઠે બંધાવેલ કાચની કારીગરીવાળું ભવ્ય જિનમંદિર દેખીને તો આશ્ચર્ય થાય તેવું છે. આજે તો કરોડો રૂા. ખર્ચતાં પણ થવું મુશ્કેલ પડે એવું સુંદર જિનમંદિર છે, રોજ હજારો પ્રવાસીઓ દર્શન કરવા આવે છે. ભારતની એક આશ્ચર્યકારી વસ્તુમાં આ મંદિરનો સમાવેશ થાય તેવું છે, કેમકે કરતાંય આ મંદિરની સુંદર કારીગરી ચડી જાય તેવી છે..... અને તેમાં બિરાજમાન વીતરાગ ભગવંતોની શોભાની તો શી વાત! ઈન્દોરનો જૈનસમાન પણ મહાન છે. આવી નગરીને શોભે એવું ભવ્ય સ્વાગત થયું. બંને વખતના પ્રવચનોમાં ચારપાંચ હજાર માણસો લાભ લેતા હતા. ગુરુદેવનો ઉતારો શેઠશ્રી રાજકુમારસિંહજીને ત્યાં ઈન્દ્રભવનમાં હતો. ઈન્દોરનો ચાર દિવસનો કાર્યક્રમ આનંદથી પૂરો કરીને દ્વિ. વૈ. વદ તેરસની સવારે ગુરુદેવ હવાઈજહાજ દ્વારા મુંબઈ થઈને બીજે દિવસે ભાવનગર પધાર્યા. મુંબઈમાં હજારો ( જિજ્ઞાસુઓએ દર્શનનો તથા મંગલ પ્રવચનના શ્રવણનો લાભ લીધો હતો. ભાવનગરમાં પણ ચાર દિવસ સુધી સં. ગા. ૩૮ ઉપરનાં પ્રવચનોનો ઘણા જિજ્ઞાસુઓએ લાભ લીધો. આ પ્રમાણે મહા વદ ૧૩ થી શરૂ કરીને જેઠ સુદ બીજ સુધી અનેક ગામોમાં જિનમંદિરમાં જિનદેવની પ્રતિષ્ઠા, અનેક સ્વાધ્યાય મંદિરના ઉદ્‌ઘાટન તથા વીતરાગદેવના માર્ગનો સન્દેશ સંભળાવીને ગુરુદેવ જેઠ સુદ ત્રીજે પુનઃ સોનગઢ પધાર્યા.

સોનગઢમાં ગુરુદેવ સુખ–શાંતિમાં બિરાજી રહ્યા છે; સવારનાં પ્રવચનમાં નિયમસાર અને બપોરના પ્રવચનમાં સમયસાર વંચાય છે. પૂજન–ભક્તિ–ચર્ચા વગેરે કાર્યક્રમો આનંદપૂર્વક ચાલી રહ્યા છે. મુમુક્ષુઓ જાગૃતીપૂર્વક પોતાના જ્ઞાનસ્વાધ્યાયમાં રત બન્યા છે. અધ્યાત્મવાતાવરણથી સુવર્ણધર્મ ફરી ગુંજી રહ્યું છે.

શ્રાવણ માસમાં સોનગઢમાં પ્રૌઢ શિક્ષણવર્ગ ચાલશે, તેની તારીખો આવતા અંકમાં આપીશુ.

– જય જિનેન્દ્ર

# * મૃત્યુ એટલે આરાધનાનો મહોત્સવ *

**( સમાધિમરણ પ્રસંગે આરાધકની શૂરવીરતા )**

**‘મૃત્યુ’ નું નામ સાંભળતાં જ લોકો ડરી જાય છે. પરંતુ મૃત્યુ એ ખરેખર કોઈ ભયજનક વસ્તુ નથી; ચૈતન્યના સાધક જીવને મૃત્યુ પ્રસંગ એ તો આરાધનાની શૂરવીરતાનો અને સમાધિના મહોત્સવનો પ્રસંગ છે. આવા પ્રસંગે ધર્માત્માના પરિણામમાં આરાધનાનો કેવો ઉત્સાહ હોય છે, તેનું આ વર્ણન છે. આ કાવ્યનો પહેલો ભાગ આત્મધર્મ અંક ૩૪૨ અ માં આપેલ છે. બાકીનો ભાગ અહીં આપ્યો છે. તેમાં, આત્મસાધનામાં શૂરવીર મુનિવરોનાં દ્રષ્ટાંત આપીને મુમુક્ષુને આરાધનાનો ઉલ્લાસ જગાડે છે.**

( ૩૧ ) ધન્ય ધન્ય સુકુમાલ મહામુનિ, કૈસી ધીરજ ધારી,<br>
એક સ્યાલિની જુગ બચ્ચા–જુત, પાંચ ભાખ્યો દુ:ખકારી;<br>
યહ ઉપસર્ગ રહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી.<br>
તૌ તુમરે જિય કૌન દુ:ખ હૈ, મૃત્યુ–મહોત્સવ ભારી.

અહા, ધન્ય છે તે સુકુમાર મહામુનિ;–તેમણે કેવી અદ્‌ભૂત ધીરજ રાખી! બે બચ્ચાં સહિત એક શિયાળીએ તેમનો પગ ખાધો. આવા દુ:ખકર મહા ઉપસર્ગને પણ સ્થિરતાપૂર્વક સહન કરીને તેમણે અખંડ આરાધનાને ચિત્તમાં ધારણ કરી. તો અરે જીવ! તને તો શું દુ:ખ છે? તું મૃત્યુને મોટો ઉત્સાહ સમજીને તારું ચિત્ત આરાધનામાં જોડ.

( ૩૨ ) ધન્ય ધન્ય સુકૌશલ સ્વામી, વ્યાઘ્રીને તન ખાયો,<br>
તૌ ભી શ્રીમુનિ નેક ડિગે નહિં, આતમસોં હિત લાયો.<br>
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત્ત ધારી.<br>
તૌ તુમરે જિય કૌન દુ:ખ હૈ, મૃત્ય–મહોત્સવ ભારી.

ધન્ય છે તે સુકોલશ–મુનિરાજ! જેની માતા મરીને વાઘણ થયેલી તે વાઘણે તેમનું શરીર ખાધું, તોપણ તે મુનિરાજ જરાય ડગ્યા નહિ ને આત્માનું હિત સાધ્યું.

(૩૩) દેખો ગજમુનિકે સિર ઉપર, વિપ્ર અગ્નિ બહુ મારી,
સીસ જલૈ જિમ લકડી તિનકો, તો હૂ નાહિં ચિગારી.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી,
તો તુમરે જિય કૌન દુઃખ હૈ મૃત્યુ–મહોત્સવ ભરી.

જુઓ, આ ગજકુમાર મુનિના મસ્તક ઉપર બ્રાહ્મણે મોટો અગ્નિ સળગાવ્યો. તેમનું માથું લાકડાની જેમ સળગવા લાગ્યું, તોપણ તેમણે ઊંકારોય ન ર્ક્યો; આવો ઉપસર્ગ સ્થિરતાપૂર્વક તેમણે સહન કર્યો.

(૩૪) સનતકુમાર મુનિકે તનમેં, કુષ્ટવેદના વ્યાપી,
છિન્ન–ભિન્ન તન તાસોં હૂવો, તબ ચિન્ત્યો ગુન આપી.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી,
તૌ તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ–મહોત્સવ ભારી.

સનતકુમાર મુનિના શરીરમાં તીવ્ર કોઢ વગેરે રોગ થયા, અને તેના વડે શરીર છિન્ન–ભિન્ન થઈ ગયું. પણ ત્યારે તેમણે શું કર્યું? તેમણે તો આત્માના ગુણોનું ચિંતન કર્યું, અને સ્થિરતાપૂર્વક એ ઉપસર્ગ સહન કરીને ચિત્તમાં આરાધનાને ધારણ કરી. તો અરે જીવ! તને શું દુઃખછે? મૃત્યુને મહોત્સવ સમજીને તું ચિત્તમાં આરાધનાને ધારણ કર.

(૩૫) શ્રેણિક–સુત ગંગા મેં ડૂબ્યો, તબ 'જિન' નામ ઉતારો,
ધર સંલેખના પરિગ્રહ છોડયો, શુદ્ધભાવ ઉર ધારો.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી,
તૌ તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ મહોત્સવ ભારી.

શ્રેણિકપુત્ર જ્યારે ગંગામાં ડૂબ્યો ત્યારે તેણે જિનદેવનું ચિંતન કર્યું. સંબોધન ધારણ કરીને પરિગ્રહ છોડયો ને અંતરમાં શુદ્ધભાવ પ્રગટ કર્યો. એ રીતે સ્થિરતાપૂર્વક ઉપસર્ગ સહન કરીને ચિત્તમાં આરાધના ધારણ કરી. તો હે જીવ! તને શું દુઃખ છે?

(૩૬) સમંતભદ્ર મુનિવરકે તનમેં, ક્ષુધા–વેદના આઈ,
તા દુઃખમેં મુનિ નેક ડિગિયો, ચિંત્યો નિજ ગુજ ભાઈ.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી.
તૌ તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ –મહોત્સવ ભારી.

સમન્તભુદ્ર મુનિરાજના શરીરમાં ભસ્મક રોગથી ક્ષુધાવેદના થઈ, છતાં એવા દુઃખમાં પણ તે મુનિરાજ જરાય ન ડગ્યા, તેમણે તો નિજગુણનું ચિંતન કર્યું. હે ભાઈ! આવો ઉપસર્ગ પણ સ્થિરતાપૂર્વક સહન કરીને તેમણે ચિત્તમાં આરાધના ધારણ કરી; તો તારું દુઃખ શું હિસાબમાં છે? મૃત્યુનુ મહોત્સવ સમજીને તું પણ તારું ચિત્ત આરાધનામાં જોડ.

(૩૭) લલિતઘટાદિક તીસ–દોય મુનિ, કોસામ્બી તટ જાનો,
નદીમેં મુનિ બહાર મૂવે, સો દુખ ઉન નહિં માનો.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી,
તૌ તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ–મહોત્સવ ભારી.

લલિતઘટ વગેરે ૩૦ મુનિવરો કૌશામ્બી નગરીમાં નદી કિનારે ધ્યાનમાં હતા ત્યાં પાણીના પ્રવાહમાં તણાઈને મરણ પામ્યા, છતાં તેઓએ દુઃખ ન માન્યું. સ્થિરતા–પૂર્વક તે ઉપસર્ગ સહન કરીને ચિત્તમાં આરાધના ધારણ કરી; તો હે જીવ! આ મૃત્યુના મહોત્સવમાં તને શું દુઃખ છે?

(૩૮) ધર્મઘોષ મુનિ ચમ્પાનગરી બાહ્ય ધ્યાન ધર ઠાઢો,
એક માસકી કર મર્યાદા, તૃષા–દુઃખ સહ ગાઢો.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી,
તૌ તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ મહોત્સવ ભારી.

ધર્મઘોષમુનિએ ચંપાનગરીના ઉદ્યાનમાં એક માસના અનશનપૂર્વક દ્રઢ ધ્યાન ધારણ કર્યું ને ઘોર તૃષાદુઃખ સહન કર્યું.; આવો ઉપસર્ગ સ્થિરતાપૂર્વક સહન કરીને તેઓ આરાધનામાં અડગ રહ્યા; તો હે જીવ! તને શું દુઃખ છે! મૃત્યુ–મહોત્સવ ટાણે તું આરાધનામાં દ્રઢ રહે.

(૩૯) શ્રીદત્ત મુનિકો પૂર્વે જન્મકા, વૈરી દેવ સુ આકે,
વિક્રિય કર દૂર શીત–તનો જો, સહ્યો સાધુ મન લાકે.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી,
તૌ તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ–મહોત્સવ ભારી.

પૂર્વજન્મના વેરી દેવે વિક્રિયા વડે શ્રીદત્તમુનિને શીતનો ઉપસર્ગ કર્યો; પણ મુનિએ સ્થિરતા ધારણ કરીને તે ઉપસર્ગ સહ્યો ને આરાધનાથી ન ડગ્યા; તો હે જીવ! તને તો શું દુઃખ છે? મૃત્યુને તો મહોત્સવ સમજીને તું આરાધના કર.

(૪૦) વૃષભસેન મુનિ ઉષ્ણ શિલા પર, ધ્યાન ધરો મન લાઈ,
સૂર્ય ધામ અરુ ઉષ્ણ પવનકી, વેદન સહિ અધિકાઈ.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત ધારી,
તૌ તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ–મહોત્સવ ભારી.

વૃષભસેન મુનિએ શાંત મનથી ધગધગતી શિલા પર ધ્યાન ધર્યું. સૂર્યનો ઘામ અને ગરમ પવનની ઘણી વેદના સહન કરી; આવો ઉપસર્ગ તેમણે સહન કર્યો પણ આરાધનાથી ન ડગ્યા. તો હે જીવ! તને શું દુઃખ છે? મૃત્યુને મહોત્સવ સમજીને તું સમભાવ રાખજે.

(૪૧) અભયઘોષ મુનિ કાકન્દીપુર, મહાદેવના પાઈ,
વૈરી ખંડને સબ તન છેદ્યો, દુઃખ દીનો અધિકાઈ.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી,
તૌ તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ–મહોત્સવ ભારી.

કાકન્દીપુરીમાં અભયઘોષ મુનિ મહાદેવને પામ્યા; ચંડ વેરીએ તેમનું આખ્યું શરીર છેદીને ઘણું દુઃખ દીધું, છતાં તેમણે સ્થિરચિત્તે તે ઉપસર્ગ સહન કરીને આરાધનામાં ચિત્ત જોડયું; તો હે જીવ! તને શું દુઃખ છે? મૃત્યુને મહોત્સવ સમજીને તું આનંદથી ધર્મની આરાધના કર.

(૪૨) વિધુચ્ચરને બહુ દુઃખ પાયો, તૌ ભી ધીર ન ત્યાગી,
શુભ ભાવનસો પ્રાન તજે નિજ, ધન્ય ઔર બડભાગી.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી,
તૌ તુમરે જિયે કૌન દુઃખ હૈ, મૃત્ય–મહોત્સવ ભારી.

વિધુત્ચર મુનિએ ઘણું દુઃખ પામવા છતાં ધૈર્ય ન છોડયું. પોતાની ઉત્તમ ભાવનાથી પ્રાણ છોડયા; તેઓ ધન્ય છે! તેઓ મહાભાગ્યવાન છે! તેમણે સ્થિરતાપૂર્વક આવો ઉપસર્ગ સહ્યો, તો અરે જીવ! તને તે કયું દુઃખ છે? મૃત્યૃ–મહોત્સવના અવસરમાં તું આરાધનામાં તત્પર થા.

(૪૩) પુત્ર–ચિલાતી નામા મુનિકો, વૈરીને તનઘાતા,
મોટે–મોટે કીટ પડે તન, તાપર નિજ–ગુન રાતા;
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી,
તૌ તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ–મહોત્સવ ભારી.

ચિલાતીપુત્ર નામના મુનિનું શરીર વેરીએ ઘાત્યું, તેમાં મોટા મોટા કોડા પડયા, છતાં મુનિ તો નિજગુણમાં જ રાચી રહ્યા. આવો ઉપસર્ગ તેમણે સ્થિરચિત્તે સહન કર્યો, તો અરે જીવ! તને શું દુઃખ છે? મૃત્યુ–મહોત્સવ ટાણે તું પણ ઉત્સાહથી ચિત્તને આરાધનામાંજોડ.

(૪૪) દંડક નામા મુનિકો દેહી, બાણન કર અરિ ભેદી,
તા પર નેક ડિગે નહિં વે મુનિ, કર્મ–મહારિપુ છેદી.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી,
તૌ તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ–મહોત્સવ ભારી.

દંડકનામના મુનિનો દેહ દુશ્મને બાણો વડે ભેદી નાંખ્યો, તોપણ મુનિ રંચમાત્ર ન ડગ્યા, ને તેમણે કર્મમહારિપુને છેદી નાંખ્યો. સ્થિરચિત્તે તેમણે આવો ઉપસર્ગ સહ્યો ને આરાધનામાં દ્રઢ રહ્યા; તો હે જીવ! તને શું દુઃખ છે? તું પણ મૃત્યુ મહોત્સવમાં ઉત્સાહથી આરાધના કર.

(૪૫) અભિનન્દન મુનિ આદિ પાંચસૌ, ઘાની પેલિ જુ મારે,
તે ભી શ્રીમુનિ સમતા ધારી, પૂરવ કર્મ વિચારે.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી,
તૌ તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ–મહોત્સવ ભારી.

અભિનંદન વગેરે પાંચસો મુનિઓને ઘાણીમાં પીલી નાંખ્યા, તોપણ તે મુનિઓએ પૂર્વકર્મનું ફળ સમજીને સમતા ધારણ કરી. આવો ઉપસર્ગ સ્થિરતાપૂર્વક સહ્યો ને આરાધનામાં અડોલ રહ્યા. તો હે જીવ! તને શું દુઃખ છે? મૃત્યુ તો મહોત્સવ છે એમ સમજી તું આરાધનામાં ચિત્ત જોડ.

(૪૬) ચાણક મુનિ ગૌધરકે માંહી, મૂંદ અગિનિ પરજાલ્યો,
શ્રીગુરુ ઉર સમ–ભાવ ધારકે, અપનો રૂપ સમ્હલ્યો.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી,
તૌ તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ–મહોત્સવ ભારી.

ગૌશાળામાં સ્થિત ચાણકય થઈને કોઈ દુષ્ટે અગ્નિમાં બાળી નાંખ્યા, પણ શ્રીગુરુએ તો અંતરમાં સમભાવ ધારણ કરીને પોતાનું સ્વરૂપ સંભાળ્યું; ચિત્તમાં આરાધના ધારણ કરીને સ્થિરચિત્તે તે ઉપસર્ગ સહ્યો; તો હે જીવ! તને શું દુઃખ છે? મૃત્યુ–મહોત્સવ ટાણે તારું ચિત્ત આરાધનામાં જોડ.

(૪૭) સાત શતક મુનિવર દુઃખ પાયો, હથિનાપુરમેં જાનો,
બલિ બ્રાહ્મણકૃત ઘોર ઉપદ્રવ, સો મુનિવર નહિં માનો.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધના ચિત્ત ધારી,
તો તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ–મહોત્સવ ભારી.

બલિ–મંત્રી વડે ઘોર ઉપદ્રવથી હસ્તિનાપુરમાં ૭૦૦ મુનિઓ દુઃખ પામ્યા પણ મુનિવરો તે મનમાં ન લાવ્યા; તેમણે તો સ્થિરચિત્તથી ઉપસર્ગ સહન કરીને આરાધનામાં ચિત્ત જોડયું. તો હે જીવ! તને શું દુઃખ છે? મૃત્યને મહોત્સવ સમજીને તારું ચિત્ત આરાધનામાં જોડ.

(૪૮) લોહમયી આભૂષણ ગઢકે, તાતે કર પહરાયે.
પાંચો પાંડવ મુનિકે તનમેં, તો ભી નાહિ ચિગાયે.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા આરાધના ચિત ધારી,
તો તુમરે જિયે કૌન દુઃખ હૈ, મૃત્યુ–મહોત્સવ ભારી.

શત્રુંજય પર પાંચ પાંડવમુનિરાજને શરીરમાં ધગધગતા આભૂષણ પહેરાવીને ઉપદ્રવ્ય કર્યો છતાં તેમણે ચિત્કાર પણ ન કર્યો, તેઓ ધ્યાનથી ડગ્યા નહીં; આવો ઉપસર્ગ શાંતચિત્તે સહી તેઓ આરાધનામાં સ્થિર રહ્યા; તો હે જીવ! તને શું દુઃખ છે? મૃત્યુને મહોત્સવ સમજીને તું આરાધનામાં ઉત્સાહિત થા.

(૪૯) ઔર અનેક ભયે ઈસ જગમેં સમતા–રસકે સ્વાદી;
વેહી હમકો હોં સુખદાતા, હરિહ ટેવી પ્રમાદી.
સમ્યગ્દર્શન–જ્ઞાન–ચરન–તપ યે આરાધન ચારોં,
યે હી મોંકુ સુખકે દાતા, ઈન્હેં સદા ઉર ધારોં.

બીજા પણ અનેક મુનિ ભગવંતો જગતમાં થયા, તેઓ સમતારસના સ્વાદી હતા, ને આરાધનામાં શૂરવીર હતા; અહો! તેમનું સ્મરણ આપણને આરાધનાનો ઉત્સાહ જગાડીને સુખ આપે છે ને પ્રમાદની ટેવ છોડાવે છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ને તપ એ ચાર આરાધના જ મને સુખની દાતા છે, અને તેને હું સદાય મારા અંતરમાં ભક્તિથી ધારણ કરું છું.

(૫૦) યોં સમાધિ ઉર માંહિ લાવો, આપનો હિત જો ચાહો,
તહિ મમતા અરૂ આઠોં મદકો, જ્યોતિ –સરૂપી ધ્યાવો.
જો કોઈ નિત કરત પ્રયાનો, ગ્રામાન્તરકે કાજ,
સો ભી સગુન વિચાર નીકે, શુભકે કારન સાજ.

એ રીતે, હે ભવ્ય જીવો! જો તમે હિત ચાહતા હો તો અંતરમાં સમતા ભાવ પ્રગટ કરો, મમતા તથા આઠમદ છોડીને જ્યોતિસ્વરૂપ આત્માને ધ્યાવો. લોકમાં પણ જે કોઈ જીવ પરગામ જવા માટે પ્રયાણ કરે છે તે હંમેશાં શુભકાર્યને માટે શુભ–શકુન વિચારીને નીકળે છે.

(૫૧) માતા–પિતાદિક સર્વ કુંટુંબ મિલિ, નીકે સગુન બનાવૈં,
હલદી ધનિયા પુંગી અક્ષત દૂધ દહીં ફલ લાવૈં,
એક ગ્રામ જાવનકે કારન, કરૈં શુભાશુભ સારે,
જબ પર ગતિકો કરત પયાનો, તબ નહિ સોચો પ્યારે.

તેનાં માતા–પિતા વગેરે બધાં કુંટુંબીજનો મળીને, ઉત્તમ શુકન–અર્થે હળદર –ધાણા–અક્ષત–દૂધ–દહીં–ફળ વગેરે લાવીને ઉત્તમ શુકન કરે છે. આ રીતે એક ગામથી બીજે ગામ જવામાં પણ શુભાશુભનો વિચાર કરે છે, તો હે વહાલા મુમુક્ષુ! જ્યારે પરભવમાં પ્રયાણ કરવાનો અવસર છે ત્યારે શું તમે તેનો વિચાર નહીં કરો?

(૫૨) સર્વ કુંટુંબ જબ રોવન લાગૈ, તોહિ રુલાવેં સારે,
યે અપસગુન કરૈં સુન તોકોં, તૂયોં કયોં ન વિચારે.
અબ પર ગતિકો ચાલન બિરિયાં, ધર્મધ્યાન ઉર આનો,
ચારોં આરાધન આરાધો, મોહ–તેનો દુઃખ હાનો.

હે જીવ! સાંભળ! તારા મરણ ટાણે બધા કુટુંબીજનો રોવા લાગે છે, ને તને પણ રોવડાવીને, પરલોક–ગમન ટાણે તને અપશકન કરે છે. એનો વિચાર તું કેમ નથી કરતો? માટે પરગતિમાં જવાના ટાણે તમે અંતરમાં ધર્મધ્યાનને ધારણ કરો, આનંદથી ચારે આરાધનાને આરાધો, અને મોહ તથા દુઃખને નષ્ટ કરો.

(૫૩) હોય નિઃશલ્ય તજો સબ દુવિધા, આતમ–રામ સુ ધ્યાવો,
અબ પર–ગતિકો કરહુ પયાનો; પરમ તત્ત્વ ઉર લાવો.
મોહ–જાલકો કાટો પ્યારે, અપનો રૂપ વિચારો,
મૃત્યુ–મિત્ર ઉપકારી તેરો, યોં ઉર નિશ્ચય ધારો.

નિઃશલ્ય થઈને બધા દુર્વિકલ્પોને છોડી દો, ને આતમરામને ઉત્તમપ્રકારે ધ્યાવો. હવે ઉત્તમ–ગતિ તરફ પ્રયાણ કરો અને પરમ–તત્ત્વમાં ઉપયોગને લગાવો. વહાલા મુમુક્ષુ! હવે મોહજાળને કટ કરો ને પોતાનું સ્વરૂપ ચિંતવો. મૃત્યુ એ કોઈ ભય વસ્તુ નથી, પણ મૃત્યુ તો તારો ઉપકારી મિત્ર છે–એમ અંતરમાં નિશ્ચય કરીને, નિર્ભયપણે અખંડ આરાધનાને ઉત્સાહથી આરાધો.

(૫૪) ‘મૃત્યુ–મહોત્સવ પાઠ’ કો પઢૈં–સુને બુધ્ધિવાન,
સરધા ધર નિત સુખ લહે, ‘સૂરચન્દ’ શિવ–સ્થાન.
પંચ ઉભય નવ એક શુભ, સંવત સો સુખદાય,
અશ્વિન શ્યામા સપ્તમી, કહ્યો પાઠ મન લાય.

શ્રી સૂરચંદજી કવિ કહે છે કે જે–બુદ્ધિમાન જીવો આ મૃત્યુ–મહોત્સવ પાઠ વાંચશે. સાંભળશે ને શ્રદ્ધા કરશે તે હંમેશાં સુખી થશે અને સ્વર્ગમોક્ષને પામશે. સં. ૧૯૫૫ ના ભાદરવા વદ સાતમના શુભદિને આ સમાધિ–મહોત્સવ કાવ્યની રચના કરી..... તે ભવ્યજીવોને આરાધનાનો ઉલ્લાસ આપો.

(‘મૃત્યુ મહોત્સવ’ અથવા સમાધિમરણની ભાવનાનું આ આખું કાવ્ય અર્થસહિત, તથા તેના ભાવને લગતું મુનિવરોનું સુંદર ભાવવાહી રંગીન ચિત્ર, અને બીજા કેટલાક વૈરાગ્યપ્રેરક સુંદર લેખોનું સંકલન ‘મૃત્યુ–મહોત્સવ’ નામના પુસ્તકમાં છપાયેલા છે. વૈરાગ્યની દ્રઢતા માટે, આરાધના ઉલ્લાસ માટે તેમ જ સમાધિમરણની ભાવના માટે આ પુસ્તક દરેક જિજ્ઞાસુને ઉપયોગી છે. કિંમત એક રૂપિયો. પોસ્ટેજ ફ્રી.

–બ્ર. હરિલાલ જૈન, સોનગઢ)

## થાક ઊતરે ને શીતળતા થા

પરમ શીતલ હૈ ચૈતન્યદેવ! તને નમું છું.

ગૂફાવાસી સંત, કદી ગુફાની બહાર નીકળતા ન હોય, ચૈતન્યતત્ત્વ સિવાય બીજા કોઈ સાથે જગતમાં સંબંધ જરાય ન હોય, એ સંતોનું જીવન કેવું સુખી શીતળ હોય! એવું જ જીવન જીવતાં આવડે ત્યારે જ જીવ સમ્યક્ત્વ પામે.

પરભાવ; –ગમે તેવો ઊંચી જાતનો હોય–તોપણ તેમાં એકલો થાક છે. પાછળથી થાક લાગે છે–એમ નહિ, પણ તે વખતે જ તે થાક છે, તે પરભાવ જીવને કદી તૃપ્તિ કે સંતોષ આપી શકે નહિ. માટે પરભાવ સિવાયનું બીજું કાંઈક તારા સ્વતત્ત્વમાં છે તેને હે જીવ! તું શોધ.... અનુભવ.

નિસ્પૃહપણે આત્મહિત સાધે તે જ ધન્ય છે.

# શ્રુતનું રહસ્ય પ્રગટ કરીને શ્રુતપંચમી ઉજવો

શ્રુતપંચમીના પ્રવચનમાં સંતોના મહિમાપૂર્વક ગુરુદેવે કહ્યું કે આત્મામાંથી સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવું તે સાચી શ્રુતપંચમી છે.

મુનિઓએ જે ઉપદેશ આપ્યો છે તેમાં ખરેખર તો પોતાને અનુભૂતિમાં જે શુદ્ધ આત્મા આનંદમય પ્રસિદ્ધ થયો છે તેનો જ પોકાર છે કે આવો આનંદમય શુદ્ધ આત્મા અમારા અનુભવમાં આવ્યો છે. પોતાને જે અત્યંત પ્રિય ચીજ છે તે જગતને પણ બતાવીને કહે છેકે તમે પણ આવા આત્માને જ પ્રિય કરો..... ભાવશ્રુતવડે તેના આનંદનું વેદન કરો.

સમ્યગ્દ્રષ્ટિ ખરો મોક્ષાર્થી થયોછે, કેમકે મોક્ષનો જે મહા આનંદ તેના સ્વાદનો નમૂનો તેણે ચાખી લીધો છે; અહો, અતીન્દ્રિય આનંદસ્વરૂપ મારો આત્મા! એમ આનંદના સમુદ્રનું ભાન થતાં, તે પૂર્ણાનંદ ને અભિલાષી થયો, એટલે મોક્ષાર્થી થયો.

તે મોક્ષાર્થી જીવ પોતાના જ્ઞાનને અત્યંત ઉદાર કરીને એટલે કે રાગાદિ સમસ્ત પરભાવોથી જુદું કરીને એમ અનુભવે છે કે એક શુદ્ધ પરમ ચૈતન્યભાવ જ હું છું, ને એનાથી ભિન્ન કોઈ પરભાવો હું નથી. ભાવશ્રુતને અંતર્મુખ કરીને આવું અનુભવજ્ઞાન પ્રગટયું તે ખરી શ્રુતપંચમી છે...... શ્રુતનો સાર તેના અનુભવજ્ઞાનમાં આવી ગયો.

## આગ્રામાં તત્ત્વજ્ઞાનનો મહાન પ્રચાર

હમણાં આગ્રામાં ૨૦ દિવસ તત્ત્વજ્ઞાનની મહાન શિબિરનું આયોજન થયું, તેમાં ૨૨ કેન્દ્રોમાં બાળકોની પાઠશાળા ચાલતી હતી, ને હજાર ઉપરાંત બાળકો તેમાં ધર્મ શિક્ષણનો લાભ લેતા હતા. ધાર્મિક શિક્ષણ ને પ્રવચનના કાર્યક્રમો સવારથી રાત સુધી હતા. તે ઉપરાંત વિદ્વાનોના ભાષણોમાં પણ હજારો તત્ત્વપ્રેમી લાભ લેતા હતા. જયપુરના શેઠશ્રી પૂરણચંદજી ગોદિકાની અધ્યક્ષતામાં શિબિરનું ઉદ્ઘાટન સાગરના શેઠ શ્રી ભગવાનદાસજીએ કર્યું હતું. આ શિક્ષણશિબિરથી આગ્રા શહેરમાં સારી જાગૃતી આવી હતી. “શ્વેતાંબર જૈન” સાપ્તાહિક પત્રમાં પણ ‘આગરામેં વીતરાગવિજ્ઞાનકી ધૂમ’ એવા હેડીંગ સાથે સમાચારો પ્રગટ થાય હતા. આગરાના પદમચંદજી જૈન વગેરેને શિક્ષણ શિબિર માટે ઘણો ઉત્સાહ હતો. આ રીતે મધ્યપ્રદેશની સાથે હવે ઉત્તરપ્રદેશમાં પણ તત્ત્વજ્ઞાનપ્રચારની સારી જાગૃતી આવી છે, ને ઠેરઠેર જૈન પાઠશાળાઓ ચાલુ કરવાનું

નક્કી થયું છે. આપણેને પ્રયત્ન કરીએ કે ભગવાન મહાવીરના અઢીહજારમા નિર્વાકલ્યાણક મહોત્સવમાં સુધીમાં ભારતમાં અઢીહજાર નવી પાઠશાળાઓ ખુલ્લી જાય અને વીરનાં સંતાનો વીરમાર્ગને જાણીને, વીરપ્રભુના અમૂલ્ય વીતરાગનિધાનને પ્રાપ્ત કરે.

## સર્વજ્ઞની સ્તુતિ એટલે ભેદજ્ઞાન

સર્વજ્ઞની સ્તુતિ એટલે સ્વભાવની આરાધના; પોતાના જ્ઞાનસ્વભાવની જેટલી આરાધના કરીએ તેટલી સર્વજ્ઞભગવાનની સ્તુતિ થઈ.

જડ દ્રવ્યેન્દ્રિય, પરજ્ઞેય તરફ ઝુકનારી ભાવેન્દ્રિય, અને બાહ્ય પદાર્થો–તેમાં એકત્વ બુદ્ધિ કરીને અટકનાર જીવ પોતાના એક અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવને આરાધી શકતો નથી. ઇન્દ્રિયાદિથી ભિન્ન જ્ઞાનસ્વભાવને તે શ્રદ્ધા–જ્ઞાનમાં લઈ શકતો નથી, તે તો રાગના જ સેવનમાં રોકાયેલો કહે છે, એટલે વીતરાગ સર્વજ્ઞની ખરી સ્તુતિ તેને થતી નથી.

‘ભગવાન જ્ઞાનસ્વભાવ’ તે આત્મા છે; આવા અતીન્દ્રિય, પ્રત્યક્ષ પ્રકાશમાન ભગવાન જ્ઞાનસ્વભાવી આત્માને સ્વસંવેદનથી જ્યારે અનુભવમાં લીધો ત્યારે જડ–ઇન્દ્રિયો, ભાવેન્દ્રિયો ને બાહ્ય વિષયો તે બધાયને પોતાથી જુદા જાણીને જીતી લીધા એટલે જિતેન્દ્રિયપણું થયું. આ સર્વજ્ઞદેવની પરમાર્થ સ્તુતિ છે.

સર્વજ્ઞની નિશ્ચયસ્તુતિ સર્વજ્ઞની સામે જોવાથી થતી નથી, પણ આત્માની સામે જોવાથી સર્વજ્ઞની નિશ્ચયસ્તુતિ થાય છે. અહો! જૈનસિદ્ધાંતની ખૂબી આચાર્યદેવે આ ગાથામાં ભરી દીધી છે.

સર્વજ્ઞની ખરી સ્તુતિ સ્વાશ્રયે થાય છે, પરાશ્રયે થતી નથી. વીતરાગની સ્તુતિ વીતરાગતાના અંશ વડે થાય, રાગ વડે ન થાય. સ્વ–ચૈતન્યતત્ત્વનો આશ્રય ચૂકીને બહારમાં સર્વજ્ઞ તરફના એકલા પરાશ્રયમાં જે અટકયો છે તે ખરેખર ઇન્દ્રિય–વિષયમાં જ અટકયોછે, અતીન્દ્રિય–પરમસૂક્ષ્મ એવા સર્વજ્ઞસ્વભાવનો સ્વીકાર તેને થયો નથી એટલે સર્વજ્ઞની સાચી સ્તુતિ તેને આવડતી નથી.

દેહથી ભિન્ન અંતરમાં પરમ સૂક્ષ્મ જે ચૈતન્યસ્વભાવ, તેની પૂર્ણ દશા તે કેવળજ્ઞાન; એવા કેવળજ્ઞાનની સ્તુતિ દેહ સાથે એકતા રાખીને થઈ શકે નહિ. અંતરમાં પોતામાં અતીન્દ્રિય સ્વભાવના અનુભવ વડે જ સર્વજ્ઞની સ્તુતિ થાય છે. આવી સ્તુતિ તે મોક્ષ કારણ છે.

(સમયસાર ગાથા ૩૧ ના પ્રવચનમાંથી)

# વૈરાગ્ય સમાચાર-

卐 શેઠશ્રી નરભેરામ હંસરાજ કામાણી (અમરેલીવાળા) દ્વિ. વૈશાખ સુદ તેરસ તા. ૨૫-૫-૭૨ ના રોજ જમશેદપુર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. પૂ. ગુરુદેવપ્રત્યે તેમને ઘણો પ્રેમ હતો. ત્રણેક વર્ષ પહેલાં તેમના યુવાન પુત્ર ધર્મચંદભાઈના સ્વર્ગવાસ પછી તેઓ ઉદાસ રહેતા. થોડા મહિના પહેલાં સોનગઢ આવેલ ત્યારે ગુરુદેવના દર્શનથી આંખમાં આસું આવી ગયા હતા. અમરેલીના દિ. જૈનમંદિરનું શિલાન્યાસ તેમણે કર્યું હતું ને તે પ્રસંગે મોટી રકમ જિનમંદિર માટે આપીને ઉત્સાહ બતાવ્યો હતો. અમરેલી જિનમંદિરનો પ્રતિષ્ઠા ઉત્સવ ગત ફાગણ માસમાં થઈ ગયો. સ્વર્ગસ્થના ધર્મપત્ની શ્રી હેમકુંવર સૂજ્ઞ છે અને તત્ત્વજ્ઞાન માટે સારો પ્રેમ ધરાવે છે. વૈરાગ્ય પ્રસંગોમાં તેઓ જે ધૈર્ય રાખી રહ્યા છે તે પ્રશંસનીય છે.

卐 આફ્રિકામાં નાઈરોબી મુમુક્ષુ મંડળના આગેવાન ભાઈશ્રી ફૂલચંદ કરમશી શાહ (ઉ. વર્ષ ૭૯) તા. ૩૦-૫-૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. અગાઉ તેઓ મુમુક્ષુ મંડળના પ્રમુખ હતા, અને દરેક કાર્યમાં ઉત્સાહથી ભાગ લેતા હતા. જામનગરના દિ. જિનમંદિર માટે મોટી રકમ લખાવીને તેમણે પહેલ કરી હતી; અને ત્યાંના પંચકલ્યાણક વખતે માતા-પિતા પણ તેઓ થયા હતા.

卐 ગોંડલના ભાઈશ્રી કાન્તિલાલ વૃજલાલ બેનાણી, ઉ. વ. ૫૮, તા. ૧૩-૪-૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

卐 ગઢડાના શ્રી જસુબેન જાદવજી ડેલીવાળા (ઉ. વ. ૯૫) તા. ૨૨-૪-૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. અગાઉ તેઓ સોનગઢ રહેતા ને ગઢડાના જિનમંદિરનો ઉત્સવ જોવાની તેમને ઘણી ભાવના હતી.

卐 વીંછીયાના ભાઈશ્રી જીવરાજ જેચંદ વોરા (ઉ. વ. ૮૭) તા. ૧-૫-૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. વીંછીયા દિ. જૈનસંઘના તેઓ એક ઉત્સાહી કાર્યકર હતા.

卐 રાણપુર (મધ્યપ્રદેશ) ના વસંતીબેન ફાગણ વદ પાંચમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

卐 મૂળીના ભાઈશ્રી ભીખાલાલ મોહનલાલ (ઉ. વ. ૬૫) તા. ૩૧-૫-૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

卐 ચલાલાના શ્રી સમજુબેન ત્રિભુવનદાસ (ઉ. વ. ૭૦) તા. ૧૦-૫-૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. અનેક વર્ષો સોનગઢ રહીને તેમણે સંત્સંગનો લાભ લીધો

હતો, અને સોનગઢ આવવાની ભાવના હતી.

卐 ભાઈશ્રી માણેકલાલ છોટાલાલ તૂરખીઆ (એડનવાળા) પ્ર. વૈશાખ વદ ૧૩ ના રોજ વીલે પારલે (મુંબઈ) મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. થોડા દિવસ પહેલાં જ સંપાદક ઉપરના પત્રમાં તેઓ લખે છે કે પરમ કૃપાળુ ગુરુદેવ સાથેના પ્રવાસનો અણમોલ લહાવો આપ તો લઈ રહ્યા છો અને તે પ્રસંગો આત્મધર્મમાં વાંચીને અમને પણ તેનો લહાવો મળતો રહે છે.

卐 રાજકોટના વતની ભાઈશ્રી નવનીતલાલ ભગવાનજી સંઘવી (ઉ. વ. ૪૯) દ્વારકામાં બેંક ઓફ બરોડાની બ્રાંચના મેનેજર હતા તેઓ હૃદયરોગની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

卐 વીંછીઆનિવાસી મણીબહેન હરીચંદ બોટાદરા (ઉ. વર્ષ. ૫૫) તા. ૧–૬–૭૨ ના રોજ ઘાટકોપર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

卐 ગોંડલના ભાઈશ્રી કેવળચંદ કાનજીભાઈ પારેખ (ઉ. વ. ૮૫) તા. ૨૧–૪–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. નિવૃત્તિપૂર્વક તેઓ અનેક વર્ષ સોનગઢમાં રહ્યા હતા.

વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે સ્વર્ગસ્થ આત્માઓ પોતાનું આત્મહિત સાધો અને જિજ્ઞાસુ જીવો પણ આવા ક્ષણભંગુર સંસારથી પરમ વિરકત થઈ અમર આત્મસ્વરૂપની અપાર શાંતિને શીઘ્ર સાધો.... આ મહાન કાર્યમાં વિલંબ કરવા જેવું નથી.

(પ્રવાસમાં હોવાને કારણે કેટલાક સમાચારો પ્રગટ થવામાં વિલંબ થયો છે.)

## વૈરાગ્ય સન્દેશ

**સંસારની પરિસ્થિતિ જ એવી છે કે પ્રિયમાં પ્રિય માનેલી વસ્તુ પણ, પૂછયાગાછયા વગર આત્માને છોડીને ચાલી જાય છે. એટલે ખરેખર તો વિચારવંત જીવે એનાથી પણ વધુ પ્રિય એવી કોઈ વસ્તુ અંતરમાં, શોધવી જોઈએ-કે જે કદી પોતાને છોડે નહિ. અહા, એવી આત્મવસ્તુ આપણા જૈનમાર્ગમાં તીર્થંકર પ્રભુએ બતાવી છે. જન્મ-મરણના દુઃખો વચ્ચે આત્મવસ્તુ જ શાંતિ દેનાર છે. આવી આત્મવસ્તુને મુમુક્ષુઓ લક્ષગત કરો.**



ફત્તેપુરમાં પંચકલ્યાણક વખતે માતા-પિતા તરીકે વિદ્વાન ભાઈશ્રી બાબુભાઈ તથા સૌ. તારાબેન હતા, તેથી રાજદરબારમાં તત્ત્વચર્ચાનો સુંદર રંગ જામતો. સમુદ્રવિજયમહારાજના દરબારની એ ચર્ચા સાંભળી સૌ પ્રસન્ન થતા હતા. આપણું આત્મધર્મ આપને પણ એ ચર્ચાના અધ્યાત્મરસનો સ્વાદ ચખાડશે.

---


* રત્નસંગ્રહ: ( સૌને ગમે તેવા એક સો અધ્યાત્મરત્નોનો સંગ્રહ ) ભાગ ૧ અને ૨ ( દરેકની કિંમત ૮૦ પૈસા. પોસ્ટથી મંગવાવા માટે રૂા. ૧૧ )

* દર્શનકથા: ફરી છપાયેલ છે: કિંમત ૭૦ પૈસા

* સમ્યગ્દર્શન: ભાગ ૪:સમ્યક્ત્વના મહિમાથી ભરપૂર અનેક પ્રવચનો, સમ્યક્ત્વ સંબંધી સુક્ષ્મ ચર્ચાઓ, સમ્યક્ત્વના આઠ અંગની પૌરાણિક કથાઓ અને કેટલાક ચિત્રો સહિત: દરેક જિજ્ઞાસુએ ખાસ વાંચવા લાયક પુસ્તક: અડધી કિંમત ૧. ૫૦, પોસ્ટથી મંગાવનારે રૂા. ૨ મોકલવા.

卐 ભગવાન ૠષભદેવ ૧૦ ભવ: પંદર પૈસા * ભગવાન મહાવીર: પંદર પૈસા

卐 અંકલંક-નિકલંક: ઉત્તમ ધાર્મિક નાટક: કિંમત ૭૫ પૈસા

卐 સમ્યક્ત્વની આઠ અંગની આઠ કથાઓ: સૌને ઉપયોગી: કિંમત ૫૦ પૈસા

卐 ભગવાન પારસનાથ: દશ ભવનું રોમાંચક વર્ણન: ચિત્રોસહિત: કિ રૂા.૧.

- સંપાદક આત્મધર્મ: સોનગઢ ( સૌરાષ્ટ્ર )

Regd. No. G.182



# ‘ઊગી છે આજ મારે આનંદની બીજ’

## વૈશાખ સુદ બીજનાં મંગલ વધામણાં







ફત્તેપુરમાં ૭૦ મી જન્મજયંતી પ્રસંગે પૂ. ગુરુદેવ આત્મધર્મ ખાસ અંકનું
અવલોકન કરી રહ્યા છે.. તેમાં બાહુબલીયાત્રાનાં યાદગાર દૃશ્યો જોવામાં એકાગ્ર છે..